**આજનો સુવિચાર**

મૂર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતા, બુદ્ધિશાળી વ્યક્તિ નો ઠપકો સાંભળવો ફાયદાકારક છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૧૨ જૂનાગઢ તા.૨૦-૦૮-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 212, Junagadh : Date : 20 August, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay






Kaneriya Oil Industries
www.ranioil.com
Since 1979

RANI®
Premium Edible Oils

જૂનાગઢ શહેરમાં ઉપલબ્ધ :
ઠા. ધીરજલાલ વનમાળીદાસ 97231 97530, 94283 73350 ;
રમેશચંદ્ર મ ગનલાલ એન્ડ સન્સ 94266 34036


## આવતિકાલથી ગુજરાત વિધાનસભાનું ત્રિદિવસીય ટૂંકુ સત્ર : પાંચ ખરડા રજુ થશે

ગાંધીનગર,તા.૨૦

આવતીકાલે ગુજરાત વિધાનસભાનુ ટુંકું સત્ર યોજાશે. ત્રણ દિવસના આ સત્રમાં પાંચ વિધેયકો રજુ થશે. ભ્રષ્ટાચાર મામલે કડક જોગવાઈ તથા એસીબીને વધુ સતા આપતો કાયદો પણ રજુ થવાની સંભાવના છે. બીજી તરફ વિવિધ દુર્ઘટના ઉપરાંત ભ્રષ્ટાચાર મામલે સરકારને ભીડવવા વિપક્ષ પ્રયાસ કરી શકે છે. સત્ર પુર્વે કોંગ્રેસે આજે વિધાનસભા પક્ષની બેઠક બોલાવી છે. આવતીકાલથી ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર શરૂ થશે. આ અગાઉ આજે વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાશે. ત્રણ દિવસના ચોમાસું સત્રમાં સરકાર પાંચ વિધેયક લાવશે. ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રમાં રાજ્ય સરકારે પાંચ વિધેયકો લાવવાનો નિર્ણય લીધો છે.

## વહેલી સવારે જમ્મુ કાશ્મીરમાં ભૂકંપના બે આંચકા નોંધાયા : તિવ્રતા ૪.૯

શ્રીનગર તા.૨૦

જમ્મુ-કાશ્મીરમાં માત્ર ૭ મીનીટના સમયગાળામાં ભૂકંપના બે આંચકા અનુભવાતા લોકોમાં ફફડાટ સર્જાયો હતો બારામુલ્લા ક્ષેત્રમાં અસર થઈ હતી. ભૂકંપથી જાનમાલને કોઈ નુકશાન થયું ન હતું. સિસ્મેલોજી વિભાગના સુત્રોએ કહ્યું કે, વહેલી સવારે ૬.૪૫ વાગ્યે ભૂકંપનો ૪.૯ ની તીવ્રતાનો પ્રથમ આંચકો અનુભવાયો હતો તેનું એપી સેન્ટર ઉતરીય કાશ્મીરનાં બારામુલ્લામાં હતું. ૫ કિલોમીટર ભૂગર્ભમાં હલનચલન નોંધાઈ હતી.

### ''અમારા પર વિશ્વાસ કરો'' : કામ પર પરત ફરવા દેશભરના ડોકટરોને સુપ્રીમ કોર્ટની અપીલ

# કોલકતા રેપ-મર્ડર કેસ : સુપ્રિમ કોર્ટે નેશનલ ટાસ્ક ફોર્સની રચના કરી



### સુપ્રિમ કોર્ટે ૮ સભ્યોની બનેલી ટાસ્કફોર્સને ત્રણ સપ્તાહમાં વચગાળાનો રિપોર્ટ અને બે મહિનામાં અંતિમ રિપોર્ટ આપવા આદેશ કર્યો : સીબીઆઈ પાસે ગુરૂવાર સુધીમાં સ્ટેટસ રિપોર્ટ માંગ્યો : ૨૩ ઓગષ્ટે વધુ સુનાવણી

નવી દિલ્હી તા.૨૦

સમગ્ર દેશને હચમચાવી નાખનારા કોલકતા રેપ અને મર્ડર કેસમાં સુપ્રિમ કોર્ટ દ્વારા આજે સુઓમોટો સુનાવણી કરવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડના નેતૃત્વ હેઠળની ત્રણ ન્યાયધીશોની બેન્ચ સુનાવણી કરી રહી છે. સુનાવણી દરમ્યાન ચીફ જસ્ટીસે આકરા સવાલો પુછવા સાથે તેના જવાબો માંગ્યા હતા.

ચીફ જસ્ટિસ ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચ કેસની સુનાવણી કરી રહી છે. ચીફ જસ્ટીસે કહ્યું કે, ડોકટરોની સુરક્ષા વ્યવસ્થા સુધારવા માટે એક નેશનલ ટાસ્ક ફોર્સ બનાવવામાં આવી રહી છે, તેમાં ૮ ડોક્ટરોને સામેલ કરવામાં આવ્યા છે, આ ટાસ્કફોર્સની કમિટીમાં સામેલ કરાયેલ ડોકટરોના નામ પણ સુપ્રિમ કોર્ટે નક્કી કરી દીધા છે. તેઓ મેડિકલ પ્રોફેશનલ્સની સુરક્ષા, વર્કિંગ કંડીશન અને સુધારા માટે પગલાંની ભલામણ કરશે.

કેન્દ્ર સરકારના પાંચ અધિકારીઓને પણ ટાસ્ક ફોર્સમાં સામેલ કરવામાં આવ્યા છે. કોર્ટે CBI પાસેથી ૨૨ ઓગસ્ટ સુધીમાં સ્ટેટસ રિપોર્ટ અને રાજ્ય સરકાર પાસેથી ઘટનાનો વિસ્તૃત રિપોર્ટ માંગ્યો છે. કેસની આગામી સુનાવણી ૨૩ ઓગસ્ટે મુકરર કરવામાં આવી છે. આ સુનાવણી દરમ્યાન સુપ્રીમ કોર્ટે અત્યંત કડક વલણ અપનાવતા કહ્યું કે, અમે આ મામલાને હાઈકોર્ટ માટે બાકી નહીં મુકીએ જે ક્રુરતા આચરવામાં આવી છે તેને સમગ્ર દેશના અંતરાત્માને હલબલાવી નાખ્યો છે. અદાલતે વધુમાં સરકારને નિર્દેશ કર્યો કે, શાંતિપૂર્ણ પ્રદર્શન કરવા વાળાઓ ઉપર બળપ્રયોગ કરવામાં આવે નહીં. અમે અહીં ડોકટરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે છીએ. તે સાથે સુપ્રીમ કોર્ટે બંગાળ સરકારને ફટકાર લગાવતા કહ્યું કે, સરકાર શા માટે હિંસા રોકવામાં નિષ્ફળ ગઈ ? આ બનાવમાં હોસ્પિટલની જવાબદારી હતી કે, તે એફઆઈઆર નોંધાવે. આવું કેમ કરવામાં આવ્યું નથી ? કોલકતામાં તોફાનીઓને હોસ્પિટલમાં શા માટે પ્રવેશવા દેવામાં આવ્યા ?

ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન્સ (FAIMA) એ નેશનલ ટાસ્ક ફોર્સની રચના કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યુ છે.

૯ ઓગસ્ટના રોજ કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં ટ્રેઈની ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી. જે બાદ તબીબોઅ વિરોધ પ્રદર્શીત કરી રહ્યા છે. દેશભરના તબીબો હડતાળ પર ઉતરી ગયા છે. ૧૪ ઓગસ્ટની મોડી રાત્રે એક ટોળું એ જ હોસ્પિટલમાં ઘૂસી ગયું હતું અને તોડફોડ કરી હતી.

૧૯ ઓગસ્ટના રોજ ડોકટરો અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠકનો કોઈ પરિણામ નહીં આવતા ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશને તેમની હડતાળ ચાલુ રાખી છે.

### સુપ્રીમ કોર્ટે કરેલી કડક ટીપ્પણીઓ અને સવાલો

- પીડીતાનું નામ અને તસ્વીર કેવી રીતે જાહેર થઈ ગઈ ?
- પીડીત પરિવારને મૃતકની બોડી કેમ દેખાડવામાં આવી નહીં?
- પીડીતાની ગરીમા સાથે ખીલવાડ કરવામાં આવેલ છે.
- મેડીકલ કોલેજના પ્રિન્સીપાલે આ મામલાને સુસાઈડ બતાવવાની કોશિષ કરી હતી. પ્રિન્સીપાલ શું કરી રહ્યા હતા?
- પ્રિન્સીપાલની નિયુક્તી બીજા સ્થળે શા માટે કરવામાં આવી ?
- હોસ્પિટલનું તંત્ર આખરે શું કરી રહ્યું હતું ? હોસ્પિટલની જવાબદારી હતી કે, તેના દ્વારા એફઆઈઆર કરવામાં આવે.
- મૃતકનું શરીર પરિવારજનોને સોંપ્યાના સાડા ત્રણ કલાક બાદ એફઆઈઆર કરવાનું કારણ શું ?

### સુપ્રીમ કોર્ટે રચેલી ટાસ્કફોર્સમાં સમાવેશ કરવામાં આવેલ વરિષ્ઠ ડોકટરોના નામો

એમ્સના ડાયરેકટર એમ.શ્રીનીવાસ, ડો.ડી.નાગેશ્વર રેડ્ડી, ડો.પ્રતિમા મૂર્તિ, ડો.ગોવર્ધન દત્ત, ડો.સોમીકરા, પ્રો.અનીતા સકશેના, ડો.પદમા શ્રીવાસ્તવનો સમાવેશ કરાયો.

## ગોંડલ નેશનલ હાઈ-વે રક્તરંજીત બન્યો : આજે વહેલી સવારે બે કાર ધડાકાભેર અથડાતા ચાર યુવાનોના ઘટનાસ્થળે જ કરૂણ મોત

ગોંડલ તા.૨૦

આજે સવારે ગોંડલ નેશનલ હાઈવે મરણ ચીસોથી ગાજી ઉઠયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે, માંસના લોચા રોડ પર પથરાઈ ગયા હતા અને હાઈ-વે રક્તરંજીત બની ગયો હતો. ગોંડલમાં બે કાર ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં ૪ યુવાનોએ જીવ ગુમાવ્યો હતો. વાહનોનો બુકડો બોલી ગયો હતો જેના દ્રશ્યો અત્યંત કમકમાટી ઉપજાવનારા હતા.

આજે વહેલી સવારે ૪ વાગ્યે ગુંદાળા ચોકડીથી જામવાડી ચોકડી વચ્ચે ટીવીએસ શો રૂમ સામે આ બનાવ બનતા સ્થાનિકો, ગોંડલ બી ડિવિઝન સ્ટાફ અને એલસીબીની ટીમ દોડી ગઈ હતી. ગોંડલના ક્રિપાલસિંહ જાડેજા, સિદ્ધરાજસિંહ ઝાલા, ધોરાજીના વિરમ કરમટા અને સિદ્ધાર્થ કાચાનું કમકમાટી ભર્યું મૃત્યું નિપજયું હતું. બનાવની જાણ તેમના પરિવારજનોને થતા ભારે કલ્પાંત છવાઈ ગયો હતો.

સ્વિફટ કાર અને બોલેરો જીપ વચ્ચે સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં બે ગોંડલનાં અને બે ધોરાજીનાં મળી કુલ ચાર યુવાનોનાં કરૂણ મોત નિપજ્યા હતા.અકસ્માત એટલી હદે ભયાનક હતો કે બન્ને વાહનોનો બુકડો બોલી ગયો હતો.બનાવનાં પગલે ઈમરજન્સી ૧૦૮, શિવમ સાર્વજનિક ટ્રસ્ટ તથા નગરપાલિકાની એમ્બ્યુલન્સ ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહોને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. બી ડીવીઝન ઉપરાંત તાલુકા પોલીસ અને રૂરલ ક્રાઈમ બ્રાંચની ટીમ ઘટના સ્થળે પહોચી રોડ પર ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો.

આજે વહેલી સવારે ચાર વાગ્યે ગુંદાળા ચોકડી અને જામવાડી ચોકડી વચ્ચે નેશનલ હાઈવે ટીવીએસ શો રૂમની સામે ધોરાજી તરફ જઈ રહેલી જીજે ઓ૩ એલજી ૫૧૧૯ નંબરની બેકાબુ બનેલી સ્વિફટ કાર ડિવાઈડર તોડી જામવાડી ચોકડી તરફથી આવી રહેલી જીજે ઓ૩ એમએલ ૨૪૪૪ નંબરની બોલેરો જીપ સાથે ધડાકાભેર અથડાતા બન્ને ગાડીઓનો બુકડો બોલી ગયો હતો.અને મરણચીસોથી હાઈવે ગાજી ઉઠયો હતો.

### સમાચાર રાઉન્ડઅપ

- ટ્રાફિક, રખડતા ઢોર અને ખરાબ રસ્તા મામલે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી, અદાલતે કહ્યું, ''હવે મોટા સાહેબને કોર્ટમાં બોલાવવા પડશે.'' રિસેસ બાદ વધુ સુનાવણી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૩ ઓગષ્ટે યુક્રેનની મુલાકાતે જશે. ૨૧-૨૨ ઓગષ્ટે પોલેન્ડનો પ્રવાસ કરશે.
- પાકિસ્તાનમાં મન્કીપોક્સ વાઈરસનો પ્રથમ કેસ નોંધાયો : ભારત સરકાર એકશન મોડમાં આવી ગઈ. સરહદી રાજ્યોને સાવચેતી રાખવા જણાવાયું.
- અમેરીકાના શિકાગોમાં ડેમોક્રેટીક પક્ષનું કન્વેન્શન શરૂ : કન્વેન્શન સ્થળ સાથે ૪૦,૦૦૦ પેલેસ્ટીયન સમર્થકો ઉમટી પડયા.

## વડાપ્રધાનના નિર્દેશ પર UPSCને સીધી ભરતીની જાહેરાત રોકવાનો આદેશ

નવી દિલ્હી તા.૨૦

કેન્દ્ર સરકારે આજે કરેલા એક મહત્વના નિર્ણયમાં યુપીએસસીની સીધી ભરતીની જાહેરાત રોકવાનો આદેશ આપ્યો છે.આ અંગે કાર્મીક મંત્રીએ યુપીએસસીને પત્ર લખ્યો છે. આમ કેન્દ્ર સરકારમાં કોઈપણ પ્રકારની પરિક્ષા આપ્યા વગર યુપીએસસી લેવલની લેટ્રલ ભરતી માટે રોક લગાવવામાં આવી છે. આવું વડાપ્રધાનના આદેશ પર કરવામાં આવ્યું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આ મુદ્દે વિવાદ સર્જાયા બાદ અને વિપક્ષના ભારે વિરોધના કારણે સીધી ભરતીની જાહેરાત રોકી દેવાનો આદેશ કરવામાં આવ્યો હોવાનું મનાઈ રહ્યું છે.


લસણ રીટેઈલમાં મળશે
પ્યોર દેશી આખું લસણ
૧ કિલોના ફકત રૂા.૨૪૦
૪ થી ૫ મહિના સુધી બગડશે નહીં
મો.૯૩૭૬૬૦૫૫૬૨
જૂનાગઢ

જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા...
બાબુભાઈ મો. ૭૪૩૩૮ ૦૩૫૩૫
સંદિપભાઈ મો. ૯૪૨૬૮ ૩૩૮૧૧
મીઠાઈઓની મીઠાશ...એટલે...
મુરલીધર ડેરી ફાર્મ

અંબા આર્કેડ, એમ.જી. રોડ, જેનીલ શોપીંગ સેન્ટરની પાસે, જૂનાગઢ

• હરકયુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો


# શેરીયાખાણ ગામે કામધેનુ ગૌશાળામાં અજીબો ગરીબ કિસ્સો બનતાં લોકોમાં તર્ક વિતર્ક જાગ્યા




(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૦

કેશોદ ભારતીય સનાતન સંસ્કૃતિ ગૌ, ગંગા, ગીતા, ગાયત્રી અને ગોવિંદની સંસ્કૃતિની ભૂમિ છે. વેદો પુરાણો ઉપનિષદો ગ્રંથો અને વિજ્ઞાનના મંતવ્યો મુજબ સુખ, સમૃધ્ધી અને વિશ્વકલ્યાણ માટે ગૌમાતા જ જગત જનની બની શકે એ વાત હવે આજનાં આધુનિક યુગમાં લોકો સ્વીકારવા લાગ્યાં છે. કેશોદ સોમનાથ હાઈવે રોડ ઉપર ભંડુરી ગામેથી ત્રણેક કિલોમીટર દૂર આવેલ શેરીયાખાણ ખાતે આવેલ કામધેનુ ગૌશાળામાં અજીબો ગરીબ કિસ્સો પ્રકાશમાં આવતાં ચર્ચામાં આવેલ છે. વર્ષ ૧૯૫૨માં વેરાવળ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની હવેલીના ગૌ પ્રેમી પરમ વંદનીય માધવરાયજી બાવાશ્રીની પ્રેરણા અને આશીર્વાદથી તેઓનાં જ ચરણકમળોથી કામધેનુ ગૌશાળાનો શુભારંભ કરવામાં આવ્યો હતો અને ૭૬ વર્ષની લાંબી સફર યાત્રામાં દુષ્કાળ અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતોમાં પણ શેરીયાખાણ ગામનાં ગ્રામ્ય જનો વૈષ્ણવો અને દાતાઓના સહયોગથી અવિરત ગૌસેવા ચાલી રહી છે. ગ્લોબલ વોર્મિંગ ને કારણે વાતાવરણમાં થયેલાં ફેરફારો, કોરોના મહામારીમાં પંચગવ્ય ઉપચાર અને પરમાણું હુમલાઓમાં બચાવ માટે પંચગવ્ય રામબાણ ફળીભૂત થતાં ફરીથી આજની આધુનિક યુગની પેઢી ગૌમાતા ને આંગણે બાંધવા માટે અને પ્રાકૃતિક ખેતી કરવા પ્રેરિત થવા લાગ્યાં છે. શેરીયાખાણ ગામે આવેલ કામધેનુ ગૌશાળામાં એક ગૌમાતા પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયો ત્યારથી પીપળાના વૃક્ષ અને લીમડાના વૃક્ષને નિયમિત રીતે પ્રદીક્ષણા કરતાં કૌતુક જાગ્યું છે. શેરીયાખાણ ગામે ગૌશાળાનો બનાવ આસપાસના વિસ્તારમાં વાયુવેગે પ્રચાર પ્રસાર થતાં ભાવિકો ભક્તો આસ્થાભેર ગૌમાતા ના દર્શને આવે છે અને શ્રધ્ધાપૂર્વક પુજન અર્ચન પણ કરે છે. આજ ગામની મહિલાઓ દ્વારા લાડુ બનાવી ગૌ માતાને ખવડાવવામાં આવે છે શેરીયાખાણ ગામે આવેલ કામધેનુ ગૌશાળામાં ગૌમાતા રોજ સવારે ૯-૩૦ કલાકે અને સાંજે ૫-૩૦ કલાકે નિયમિતપણે પીપળાના વૃક્ષ અને લીમડાના વૃક્ષને પ્રદીક્ષણા કરતાં લોકોમાં તર્કવિતર્કો જાગ્યાં છે ત્યારે ગૌશાળામાં પવિત્ર શ્રાવણ માસમાં ગૌમાતાને લાડુ સહિત વિવિધ ખાધ પદાર્થો આપવામાં આવે છે.

# દ્વારકામાં બળેવ પુનમ નિમિતે ભાવિકોએ ગોમતી સ્નાન કરી ધન્યતા અનુભવી





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૦

યાત્રાધામ દ્વારકામાં બળેવ પુનમના ભાવિકો દ્વારકાધીશજીના દર્શનાથે ઉમટ્યા હતા. વહેલી સવારથી જ ભક્તોની પવિત્ર ગોમતી સ્નાન માટે ઘાટ ઉપર ભીડ જામી હતી. ભક્તોએ ગોમતી સ્નાન કરી ધન્યતા અનુભવી હતી. વહેલી સવારના મંદિર ખુલ્લતાની સાથે છપ્પનસિડી સ્વર્ગ દ્વારે દ્વારકાધીશજીના દર્શન કરવા ભાવિકોનું કિડીયારૂ ઊભરાણું હતું.

# શ્રાવણ માસ મંગળવાર નિમિતે શ્રી કષ્ટભંજન દેવ દાદાને સૂર્યદેવની થીમવાળા વાઘા અને સિંહાસને ૯ ગ્રહનો શણગાર



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૦

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પણ શ્રાવણ મહિનાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે આજે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી પ્રેરણા અને કોઠારીશ્રી વિવેકસાગર સ્વામિના માર્ગદર્શનથી શ્રાવણ માસ ભવ્ય મહોત્સવ અંતર્ગત તા.૨૦-૦૮-૨૦૨૪ને મંગળવારના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને દિવ્ય શણગાર કરી સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા શણગાર આરતી પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી-અથાણાવાળા દ્વારા કરવામાં આવેલ. આજે દાદાને કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે શ્રાવણ માસના પવિત્ર મંગળવારના દિવસે દાદાને સૂર્યદેવની થીમવાળા વાઘા અને સિંહાસને ૯ ગ્રહનો શણગાર છે. વાઘા રાજકોટના ભક્તે ૩ દિવસની મહેનતે બનાવ્યા છે. ૯ ગ્રહનો શણગાર તૈયાર કરતાં ૪ દિવસનો સમય લાગ્યો છે. શ્રાવણ માસ દરમ્યાન શ્રી હનુમાન ચાલીસા પાઠ અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવેલ. તેમજ શ્રીહરિ મંદિરમાં દિવ્ય હિંડોળાના તેમજ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

# ખંભાળિયામાં ત્રણ સ્થળોએ જુગાર દરોડામાં ૧૪ શખ્સો ઝડપાયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦





ખંભાળિયા પંથકમાં એલ.સી.બી. પોલીસ દ્વારા શ્રાવણી જુગાર સામે કડક હાથે કરવામાં આવી રહેલી કાર્યવાહી અંતર્ગત પી.આઈ. કે.કે. ગોહિલની સૂચના મુજબ એલસીબી પોલીસના સ્ટાફ દ્વારા હાથ કરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ખંભાળિયાથી આશરે નવ કિલોમીટર દૂર કોલવા ગામે જુગાર રમાતો હોવાની ચોક્કસ બાતમી ખીમાભાઈ કરમુર, જેઠાભાઈ પરમાર તેમજ ડાડુભાઈ જોગલને મળતા કોલવા ગામના એક મંદિરની બાજુમાં મોડી રાત્રીના સમયે સ્ટ્રીટ લાઈટના અજવાળે ગંજીપાના વડે જુગાર રમી રહેલા દિલીપગીરી દેવગર ગોસાઈ, ગોગન હીરા સિંધવ, પ્રવીણ દેશા જોડ અને દવુ મસરી નંદાણીયા નામના ચાર શખ્સોને પોલીસે ઝડપી લઈ, કુલ રૂપિયા ૧૪,૦૩૦ નો મુદ્દામાલ કબજે કરી, ગુનો નોંધ્યો હતો. ખંભાળિયાથી આશરે ૨૧ કિલોમીટર દૂર ટીંબડી ગામની આંગણવાડીની બહાર બેસીને જુગાર રમતા રમતો હોવાની ચોક્કસ બાતમી ખંભાળિયા ડીવાયએસપી સ્ટાફના એ.એસ.આઈ. શક્તિસિંહ જાડેજા તથા સુખદેવસિંહ જાડેજાને મળતા આ સ્થળે જુગાર દરોડો પાડવામાં આવ્યો હતો. સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમી રહેલા દીપક નથુ ડગરા, વિનોદ નથુ ડગરા, નરેશ નથુ ડગરા, સુનિલ મૂળજી ડગરા, ભાવિન નારણ ડગરા અને દિનેશ વીરજી ધૂળિયા નામના છ શખ્સોને પોલીસે ઝડપી લઈ, કુલ રૂપિયા ૧૦,૨૭૦ નો મુદ્દામાલ કરજે કર્યો હતો.

આ સમગ્ર કાર્યવાહી ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિના વડપણ હેઠળ કરવામાં આવી હતી. ખંભાળિયા પોલીસ મથકના પી.આઈ. બી.જે. સરવૈયાની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા નજીકના ધરારનગર ટાંકા પાસે સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં તીનપતિ નામનો જુગાર રમી રહેલા કમલેશ નિલેશ ગોદડીયા, આકાશ વિનોદ ગોદડીયા, અજય બાબુ ગોદડીયા અને અજય વિજય ગોદડીયા નામના ચાર શખ્સોને પોલીસે ૧૧,૨૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ, ગુનો નોંધ્યો હતો.

## ઉનામાં રખડતા ઢોરોનો ત્રાસને કારણે પ્રજા ત્રાહીમામ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૦

ઉના શહેરમાં જાહેર રસ્તા પર રખડતા ઢોરનો ભયંકર ત્રાસ હોવાથી રાહદારીઓ તથા વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને અવાર નવાર અકસ્માતનાં બનાવો બને છે. જેથી ઉના શહેરમાંથી રખડતા ઢોરનો ત્રાસ દુર કરવા તાત્કાલીક સંબંધીતોને સુચના આપવા ઉનાનાં પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશે ગીર સોમનાથ જીલ્લા કલેકટર અને ઉના નગરપાલીકાનાં ચીફ ઓફીસરને રજુઆત કરી છે.

## ઓખામાં માછીમાર યુવાનને હૃદયરોગનો જીવલેણ હુમલો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મૂળ રહીશ અને હાલ ઓખાના આર.કે. બંદર વિસ્તારમાં રહેતા સુરેશભાઈ રમેશભાઈ નાયકા નામના ૪૨ વર્ષના માછીમાર યુવાનને ગઈકાલે સોમવારે તેમની અલનૂર નામની બોટમાં હૃદયરોગનો ઘાતક હુમલો આવી જતા તેમનું મૃત્યુ નિપજ્યું હોવાની જાણ જીવરાજભાઈ કલાભાઈ ટંડેલે ઓખા મરીન પોલીસને કરી છે.

# ઉનાનાં નાઠેજ ગામે જુગારનાં દરોડામાં ૨૧ જુગારીઓ રૂા. ૬.૯૦ લાખનાં મુદ્દામાલ સાથે ઝડપાયા



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૨૦

ગીર સોમનાથ જિલ્લાના પોલીસ વડા મનોહરસિંહ જાડેજાની સૂચનાથી તાલુકામાં જુગારની પ્રવૃતિ બંધ કરવા અને ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન. રાણાને બાતમી મળેલ કે ઊના તાલુકાના નાઠેજ ગામે રહેણાક મકાનમાં જુગારનો અખેડો(અડ્ડો) ચાલતો હોય તેથી પી.એસ.આઈ.આર.પી. જાદવ પી.એસ. આઈ એચ.આર. જેબલીયા, એ.એસ.આઈ. જોરૂભા મકવાણા, પોલીસ હેડ કોન્સ્ટેબલ નાનજીભાઈ ચારણિયા અને સર્વેલન્સ સ્ટાફ સાથે નાઠેજ ગામે પહોંચી કુંભાર વાડા વિસ્તારમાં આવેલ ઉકાભાઈ હમીરભાઈ વાઘના મકાનમાં તે અને જાવિદ ઉર્ફે જોન હબીબ શેખ રે. નલીયા માંડવી તા.ઊના લોકોને બોલાવી રૂપિપાની હારજીતનો જુગાર રમાતો હોય રેડ કરતા જુગારી કુલ ૨૧ જુગારી હુશેન પૂરી હબીબ શેખ ના.માંડવી, અનીશ સિકંદર ઝાંખરા(ઊના) હનીફશા હશનશા બેલીમ, નવાઝ રફીક કાસમાની, સમીર મહમદ હનીફ મકરાણી, વસીમ અબદ્રેમાન ખોજદા, સુઝલ રવિભાઈ બાંભણિયા, ઉસ્માન બસીર શાહમદાર, અશ્વિન જીતુભાઈ કાપડિયા, મુસ્તુફા ઈકબાલ પઠાણ, જાવિદ ગનીભાઈ ડાયાતાર રે. ઊના કુલ ૨૧ જુગારીઓને રૂપિયા ૪ લાખ ૭૧ હજાર ૬૪૦રૂપિયા અને ૧૬ નંગ મોબાઈલ ફોન જુગાર સાહિત્ય મળી કુલ રૂપિયા ૬,૮૯,૭૪૦ના મુદ્દામાલ સાથે પકડી ઊના લાવી ગુનો દાખલ કરી ધરપકડ કરી આ વરસનો સૌથી મોટા જુગાર પકડી સફળતા મેળવી હતી.

આ જુગાર રમાડતા બે આરોપી ઉકાભાઈ હમીરભાઈ વાઘ અને જાવિદ ઉર્ફે જોન હબીબ શેખ હજાર ના હોય તેમને પકડવાના બાકી છે.

# રક્ષાબંધન પર મોટી બહેને નાના ભાઈને કિડની આપીને જીવ બચાવ્યો

ફરીદાબાદ, તા.૨૦: આમ તો રક્ષાબંધન પર રાખડી બાંધ્યા બાદ ભાઈ દ્વારા બહેનને ગિફ્ટ આપવામાં આવે છે, પણ ફરીદાબાદમાં આવી જ એક બહેને પોતાના ભાઈને સૌથી કિંમતી ગિફ્ટ આપી છે. ફરીદાબાદની એક બહેને રક્ષાબંધનના ઠીક બે દિવસ પહેલા કિડની આપીને ભાઈનો જીવ બચાવ્યો છે. ફરીદાબાદની રહેવાસી મહિલા રૂપાએ પોતાના ભાઈને ગિફ્ટ તરીકે કિડની આપી દીધી. બહેન પાસેથી કિડની લેનારા ભાઈ લલિત કુમારે જણાવ્યું કે, જાન્યુઆરી ૨૦૨૩માં તેને તકલીફ થઈ. જ્યારે તપાસ કરી તો જાણવા મળ્યું કે તેને ક્રિએટિનિન ૧૨થી વધારે હતું. ત્યાર બાદ તેનું ડાયલિસિસ શરુ થયું. આગળ જણાવ્યું કે, તેમની બહેન પણ ફરીદાબાદમાં જ રહે છએ. જ્યારે તેમને જાણવા મળ્યું તો તેઓ ખુદ આગળ આવ્યા અને પોતાની એક કિડની આપવા તૈયાર થઈ ગયા. લલિત કુમારે ના પાડી પણ રૂપા માન્યા નહીં. રૂપાએ જણાવ્યું કે, તે પોતાના નાના ભાઈને કિડની આપીને ખૂબ જ ખુશ છે. તેઓ નથી ઈચ્છતા કે તેમના ભાઈના જીવનમાં કોઈ સંકટ આવે. રુપાએ જણાવ્યું કે, તેમના પતિનું મોત થઈ ચુક્યું છે. તેમને બે બાળકો પણ છે. પણ કોઈએ પણ તેમને આ કામ કરતા રોક્યા નથી. તેમણે કહ્યું કે, રક્ષાબંધનના અવસર પર ભાઈનો જીવ બચાવીને તેઓ ખૂબ જ ખુશ છે.

# ખંભાળિયાની શાળામાં નાના વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધન પર્વની ભાવભરી ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

ખંભાળિયાના ધરમપુર વિસ્તારમાં આવેલી ધી પ્રેસિડેન્ટ કુલ ખાતે રક્ષાબંધન પર્વની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. અહીં વિદ્યાર્થી બાળકોની કલાઈ પર વિદ્યાર્થીનીઓએ રાખડી બાંધી, અને મોં મીઠા કરાવ્યા હતા. અહીં ઉપસ્થિત શિક્ષણ સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને રક્ષાબંધનનું મહત્વ સમજાવી, છોકરાઓએ બહેનોની સુરક્ષાની પ્રતિજ્ઞા લીધી હતી. આ પર્વે ઉપસ્થિત બાળકો તેમજ લેડીઝ ટીચર દ્વારા રાખડી બાંધી અને આ પર્વની પરંપરાગત ઉજવણી કરી હતી.

# ઓખામાં રક્ષાબંધન પર્વ નિમિત્તે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સમૂહ જનોઈ બદલવાનો પ્રસંગ યોજાયો



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૦

ઓખા ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સમુદ્ર કિનારે દેહ શુદ્ધિ સ્નાન કરી બ્રહ્મસમાજ ની વાડીમાં સમૂહ જનોઈ બદલવાનો પ્રસંગ ઉજવ્યો હતો. આ પ્રસંગે તમામ ભૂદેવ પરિવારો માટે આયોજકોએ સમૂહ પ્રસાદનું પણ આયોજન કરેલ હતું.

# આજે સદભાવના દિવસ




સમગ્ર દેશમાં ૨૦ ઓગસ્ટે સદભાવના દિવસ મનાવવામાં આવે છે, અને નાગરિકો આ દિવસે નીચેની પ્રતિજ્ઞા લે છે: "હું આ ગૌરવપૂર્ણ પ્રતિજ્ઞા લઉં છું કે હું જાતિ, પ્રદેશ, ધર્મ અથવા ભાષાને ધ્યાનમાં લીધા વિના ભારતના તમામ લોકોની ભાવનાત્મક એકતા અને સંવાદિતા માટે કામ કરીશ. રાજીવ ગાંધીની સ્મૃતિમાં સદભાવના દિવસ મનાવવામાં આવે છે. કેમકે રાજીવ ગાંધી તેમની માતા ઈન્દિરા ગાંધીની હત્યા બાદ વડાપ્રધાન બન્યા હતા. રાજીવ ગાંધીએ ભારતીય સમુદાયમાં સૌહાર્દ, રાષ્ટ્રીય અખંડિતતા અને શાંતિને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કર્યો હતો અને વિશ્વના અન્ય ભાગોમાં તેમને સદ્ભાવના દૂત ગણવામાં આવતા હતા. તેઓ યુવાન હતા ત્યારથી તેમની વિચારસરણી આધુનિક છે, અને તેમણે વિવિધ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા વિકસિત દેશોની વિભાવનાની પહેલ કરી હતી.

- ડો.જી.આર.ગોહિલ

# ૨૦મી ઓગસ્ટના રોજ અક્ષય ઉર્જા દિવસના રૂપમાં મનાવવામાં આવે છે

દર ૨૦મી ઓગસ્ટના રોજ અક્ષય ઉર્જા દિવસના રૂપમાં મનાવવામાં આવે છે. અક્ષય ઉર્જા એ એક દિવસ છે જે સમાજને ઉર્જાના વિકાસ વિશે જાગૃત કરવા માટે ઉજવવામાં આવે છે. આ દિવસનું પોતાનું મહત્વ છે કારણ કે પૃથ્વી પરના તમામ સંભવિત જીવનના કેન્દ્રમાં ઉર્જા છે. જો ઉર્જા સ્ત્રોતોનો જ ઉપયોગ થતો રહેશે તો એક દિવસ એવો આવશે જ્યારે આવનારી પેઢીઓ માટે પૂરતા ઉર્જા સ્ત્રોતો બચશે નહીં. અક્ષય ઊર્જા દિવસનો હેતુ તમને કુદરતી ઉર્જાના સ્ત્રોતોથી વાકેફ કરવાનો છે.

### અક્ષય ઉર્જા દિવસ શું છે ?

ભારતમાં પુનઃપ્રાપ્ય ઉર્જાના વિકાસ અને મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે દર વર્ષે ૨૦ ઓગસ્ટે ભારતીય રિન્યુએબલ એનર્જી ડે (અક્ષય ઊર્જા દિવસ)તરીકે ઉજવવામાં આવે છે. આ તારીખે ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની જન્મજયંતિ પણ છે. જેમણે ટકાઉ વિકાસ અને નવીનીકરણીય ઉર્જા પહેલને પ્રોત્સાહન આપવા અને સમર્થન આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

### અક્ષય ઉર્જા દિવસ શા માટે ઉજવવામાં આવે છે ?

અક્ષય ઉર્જાના દિવસે ઉર્જાના પુનઃપ્રાપ્ય સંસાધનોના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે નીતિઓ ઘડવામાં આવે છે, જેનું સમગ્ર વર્ષ દરમિયાન પાલન કરવામાં આવે છે. જો ઉર્જા સ્ત્રોતોને સમયસર સાચવવામાં નહીં આવે તો ભાવિ પેઢીઓ માટે પર્યાપ્ત ઉર્જા સ્ત્રોતોથી બચશે નહીં. અક્ષય ઉર્જા દિવસ ઉજવવાનો હેતુ યુવા પેઢીને પુનઃપ્રાપ્ય ઉર્જાના વિકાસ અને નવીકરણ વિશે જાગૃત કરવાનો છે. આ દિવસે શાળા અને કોલેજોમાં વિદ્યાર્થીઓને રિન્યુએબલ એનર્જી વિશે વિગતવાર જણાવવામાં આવે છે. ગ્રીન એનર્જીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે પોસ્ટરો અને બેનરો સાથે રેલીઓનું પણ આયોજન કરવામાં આવે છે.

### અક્ષય ઉર્જા દિવસ ઈતિહાસ

આ દિવસની ઉજવણી વર્ષ ૨૦૦૪માં પ્રથમ વખત ઉર્જાના પરંપરાગત સ્ત્રોતોના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ નવીનીકરણીય ઉર્જા વિકાસ કાર્યક્રમોને સમર્થન આપવા માટે કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૪માં તત્કાલિન વડાપ્રધાન મનમોહન સિંહે લોકોમાં કાર્યક્ષમ અને ગ્રીન એનર્જી સ્ત્રોતોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે નવી દિલ્હીમાં આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં ૧૨,૦૦૦ શાળાના બાળકોએ માનવ સાંકળ રચીને સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડી હતી. આ દિવસને ચિહ્નિત કરવા માટે પ્રથમ માહિતી અભિયાનનું આયોજન અને આયોજન તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહ દ્વારા, નવા અને નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતો (સ્દ્રઈઈ) મંત્રાલય સાથે મળીને પાવર સ્ટેશનના રૂપમાં કરવામાં આવ્યું હતું.

### અક્ષય ઉર્જા દિવસ મહત્વ

અક્ષય ઊર્જા દિવસનું મહત્વ જનજાગૃતિ વધારવાનું છે. આ એટલા માટે છે જેથી ઉર્જા વિકાસ માટે વધુ સારી નીતિઓ બનાવી શકાય. ૨૦૦૪ થી ભારતમાં રિન્યુએબલ એનર્જીએ દેશ અને તેના સામાન્ય લોકોનું જીવન કેટલું સરળ બનાવ્યું છે તેમાં પણ આ દિવસનું મહત્વ છે.

# ગુરૂવારે બોળચોથથી જન્માષ્ટમી મહાપર્વનો પ્રારંભ

શ્રાવણ વદ ત્રીજને ગુરૂવાર તા.૨૨-૮-૨૪ના દિવસથી જન્માષ્ટમીના મહાપર્વનો પ્રારંભ થશે. આ વર્ષે છઠ્ઠ તિથીનો ક્ષય હોય તથા શુક્રવારે ચોથ તિથી સવારે ૧૦-૩૯ સુધી જ છે. આથી દરેક મુખ્ય પંચાંગ પ્રમાણે તથા જયોતિષના નિયમ પ્રમાણે બોળચોથ જયોતિષના નિયમ પ્રમાણે બોળચોથ શ્રાવણ વદ ત્રીજને ગુરૂવારે છે.

બોળચોથને બહુલા ચોથ પણ કહેવાય છે.

એક પૌરાણિક માન્યતા પ્રમાણે દેવ ઈન્દ્રની કપીલા ગાયનું પૃથ્વી ઉપર આગમન બોળચોથના દિવસે થયેલુ અને પૃથ્વી ઉપર કપીલા ગાયના આગમનથી સુખ સમૃધ્ધી વધી આથી આ દિવસે ગાય પુજાનું મહત્વ વધારે છે. ગાયમાં તેત્રીસ કરોડ દેવતાનો વાસ છે. આમ ગાયની સેવા પુજા કરવાથી દરેક ભગવાનની પુજા થાય છે.

ગાયની પુજા અને સેવા કરવાથી ઘરમાં સ્થિર લક્ષ્મીનો વાસ રહે છે, ભાગ્યોદય થાય છે.

ખાસ કરીને બોળચોથના દિવસે ગાયને નવી ઝુલ, ઘંટડી અને ગાયને શણગારથી શણગારી ગાયને ઘાસ નાંખવું, ગાયની પુજા કરવી સાથે બીજા લોકોને પણ પુજા કરવાની પ્રેરણા આપવી, આ દિવસે ગાય અને વાછરડાનું પુજન કરવું.

બોળચોથના દિવસે ખાંડવું નહી, દળવું નહી, છરી-ચપ્પુનો ઉપયોગ ન કરવો તે ઉપરાંત આ દિવસે રસોઈમાં ઘઉંનો ઉપયોગ ન કરવો.

પહેલાના જમાનામાં ગાયો વગરનું એક પણ ઘર હતું નહી. જેની પાસે ગાયો વધારે તે વધારે ધનવાન ગણાતા, સવારના સમયે ગૌસેવા થતી, પુરાણોમાં જોઈએ તો ઋષિ મુની પણ ગાયો રાખતા અને ભગવાન શ્રી કૃષ્ણે પણ ગૌ સેવા કરેલી.

ભાગ્યોદય અને પ્રગતિ માટે દરરોજ અથવા દર ગુરૂવારે પોતાની બંને હથેળીમાં ગોળચોળી અને ગાયને હથેળી ચાટવા આપવી. આમ કરવાથી જીવનના બધા જ દોષ દુર થાય છે. જો કે આ વિધી કરવામાં શાંત ગાયને ગોતવી. ગાયને ઘાસ નાંખવાથી પિતૃઓને મોક્ષગતી મળે છે. ઘરમાં સુખ શાંતિમાં વધારો થાય છે. ગાયોની સેવા કરવાથી બીમારીમાંથી મુક્તિ મળે છે.

તા.૨૨ ઓગષ્ટ ગુરૂવારે બોળચોથ, તા.૨૩ ઓગષ્ટ શુક્રવારે નાગ પાંચમ, તા.૨૪ ઓગષ્ટ શનિવારે રાંધણ છઠ્ઠ, તા.૨૫ ઓગષ્ટ રવિવારે શિતળા સાતમ, તા.૨૬ ઓગષ્ટ સોમવારે જન્માષ્ટમી

શાસ્ત્રી રાજદીપ જોષી

(વેદાંત રત્ન)

# વેરાવળ સમસ્ત ખારવા સમાજના પટેલ દ્વારા દરિયાદેવની પૂજા કરવામાં આવી




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૦

વેરાવળ સમસ્ત ખારવા સમાજના પટેલ જીતુભાઈ મોહનભાઈ કુહાડા તથા પંચ પટેલ આગેવાનો દ્વારા તારીખ ૧૯/૮/૨૦૨૪ ના રોજ વેરાવળ બંદર વિસ્તારમાં પ્રવિત્ર શ્રાવણ માસને રક્ષા બંધનના પાવન દિવસના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી અખિલ ગુજરાત માછીમાર મહામંડળના પ્રમુખ કિશોરભાઈ મોહનભાઈ કુહાડા તેમજ શ્રી વેરાવળ સમસ્ત ખારવા સમાજ દ્વારા બ્રાહ્મણોને સાથે રાખી રત્નાકર સાગર દરિયા દેવની પૂજા તથા નારિયળ પૂજન કરવામાં આવે છે અને આ આ દિવસે ગુજરાતના તમામ બંદરોમાં રત્નાકર સાગર દરિયાદેવની પૂજા કરવામાં આવે છે. આં પૂજા બાદ તમામ માછીમારો પોતપોતાના ધંધાની શરૂઆત કરે છે. આ પૂજામાં વેરાવળ સમસ્ત ખારવા સમાજના પટેલ દ્વારા ગુજરાતના તમામ માછીમારોની તે માટે રત્નાકર સાગર દરિયાદેવને પૂજા કરવામાં આવી હતી. આ પૂજામાં જોડાયેલા વેરાવળ સમસ્ત ખારવા સમાજના પટેલ જીતુભાઈ મોહનભાઈ કુહાડા, વેરાવળ સમસ્ત ખારવા સમાજના ઉપ પટેલ બાબુભાઈ આગિયા, ઉપ પટેલ ગોપાલભાઈ ફોફંડી મંત્રી નારણભાઈ બાંડિયા, વેરાવળ વેરાવળ માછીમાર હોડી એસોસિયનના પ્રમુખ હીરાભાઈ વધાવી, ઉપપ્રમુખ પ્રકાશભાઈ ગોહેલ, ગીર સોમનાથ જિલ્લા ભાજપ માછીમાર સેલ સંયોજક પૃથ્વીભાઈ ફોફડી તેમજ વેરાવળ ખારવા સમાજના તથા વેરાવળ હોડી એસોસિયન તથા વેરાવળ માછીમાર બોટ એસોસિયેશનના તમામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડો.સુભાષ મહિલા આટર્સ, કોમર્સ અને હોમસાયન્સ કોલેજની વિદ્યાર્થી તેમજ સ્ટાફ દ્વારા વૃધ્ધાશ્રમની મુલાકાત લઈ રક્ષાબંધન પર્વની ઉજવણી કરી

જૂનાગઢ, તા.૨૦

ડો. સુભાષ મહિલા આર્ટસ, કોમર્સ અને હોમસાયન્સ કોલેજ, જૂનાગઢની વિદ્યાર્થીનીઓ તેમજ સ્ટાફગણ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત તા.૧૭/૮/૨૦૨૪ના રોજ વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.



આ કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી ત્યારબાદ કોલેજની વિદ્યાર્થીની કાથડ પરીએ ભજન સંભળાવીને વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું તેમ જ કું.મહેતા દુર્વાએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે, કોલેજની આ સેવાકીય પ્રવૃત્તિ દરમ્યાન મને આવા આશ્રમોનો પરિચય થયો અને સમાજથી પરિવારથી તરછોડાયેલા લોકોની સેવા કરવાનો મોકો મળ્યો. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ .બલરામ ચાવડાએ રક્ષાપર્વનું મહત્વ સમજાવી આશ્રમમાં નિવાસ કરતા લોકોને અનેરી હુંફ મળે એવી વાતો કરી હતી તેમજ પોતાની આગવી શૈલીમાં 'ગઢપણ' જેવા શબ્દની વિશેષતા બતાવી વૃદ્ધોને સન્માનીય ગણી આદર આપવાની પ્રેરણાત્મક વાતો કરી હતી તેમજ પ્રા. ચેતનાબહેન ચુડાસમાએ વૃદ્ધોને પ્રોત્સાહક પ્રવચન આપી સમાજ જીવનની બદલાતી પરિસ્થિતિનો સ્વીકાર કરવા અનુરોધ કર્યો હતો. વૃદ્ધાશ્રમના મંત્રી રજનીબેન પુરોહિતે પણ પ્રાસંગિક પ્રવચન આપેલ તથા રાજુભાઈ પુરોહિત હાજર રહી સંસ્થાની વાતો કરી હતી. સહુનો આભાર માન્યો હતો. સંસ્થા વતી પ્રા.ડો.બી.એમ.પટેલએ આભારવિધિ વ્યકત કરતા સંસ્થાના સ્થાપક વિનુભાઈને યાદ કર્યા હતા. સહુ વિદ્યાર્થીની બહેનોએ આશ્રમના સર્વે વયોવૃદ્ધ વડીલોને ચાંદલો કરી રાખડી બાંધી મીઠાઈ વહેચી આશીર્વાદ મેળવ્યા હતા. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન કોલેજની વિદ્યાર્થીની ઠાકર મૈત્રીએ કર્યું હતું. આ તકે સંસ્થાના સંચાલક જવાહરભાઈ ચાવડાએ આ પ્રવૃતિને બિરદાવી હતી.આ પ્રસંગે પ્રા.એ.એન.રાબડીયા તથા દમયંતીબેન ડાંગર ઉપસ્થિત રહી કોલેજ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી.

# યાત્રાધામ દ્વારકામાં જન્માષ્ટમી ઉત્સવની તડામાર તૈયારી શરૂ કરાઇ

## જગતમંદિર લાઈટીંગના ડેકોરેશનથી ઝગમગી ઉઠશે : કિર્તીસ્થંભ પાસેથી દર્શનાથીઓને બેરીકેટમાં પ્રવેશ દઈ છપ્પનસિડી સ્વર્ગ દ્વારેથી મંદિરમાં જવા એન્ટ્રી કરવા દેવામાં આવશે : મોક્ષ દ્વારેથી એકઝીટ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૦



યાત્રાધામ દ્વારકામાં દ્વારકા જગતમંદિરે જન્માષ્ટમીના ઉત્સવને તહેવારને સાત દિવસ આડા છે. ત્યારે જન્માષ્ટમી નો ઉત્સવ ઉજવવા વહીવટી તંત્રએ તડામાર તૈયારી ચાલું કરી દિધી છે. મોટી સંખ્યામાં દર્શાથીઓ કૂષ્ણ જન્મોત્સવ ઉજવવા આવાના હોવાથી દર્શનાથીઓને અગવડતા ન પડે તે માટે છાયડા માટે મોટા ડુંમો બાંધવામાં આવ્યા છે. રેલીંગો નાખવામાં આવનાર છે. કિર્તીસ્થંભ પાસેથી દર્શનાથીઓને બેરીકેટમાં પ્રવેશ દઈ છપ્પનસિડી સ્વર્ગ દ્વારેથી મંદિરમાં જવા એન્ટ્રી કરવા દેવામાં આવશે મોક્ષ દ્વારેથી એકઝીટ (બહાર) નિકળવા માટેની વ્યવસ્થા રાખવામાં આવી છે. દ્વારકાધીશ જગતમંદિર સુંશોભિત કરવા તૈયારી શરૂ કરાઈ છે. મંદિર લાઈટીંગથી ઝગમગી ઉઠશે. અગામી સાતમ, આઠમ, નોંમ ત્રણ દિવસ સુધી દ્વારકા જગતમંદિરે તહેવાર ઉજવનાર હોય ર૬મી ઓગષ્ટ શ્રાવણ વદ આઠમના જન્માષ્ટમીનો તહેવાર હોવાથી દ્વારકાધીશ જગત મંદિરે ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે જગતમંદિર દર વર્ષની જેમ લાઈટીંગના ડેકોરેશથી ઝગમગી ઉઠે તે માટે તૈયારીઓનો ધમધમાટ શરુ કરી દિધો છે. તેમજ શહેરના હાથીગેટ, રબારીગેટ, ઈસ્કોનગેટ, હોટલો, બજારોમાં વિવિધ કલરના લાઈટીંગથી ઝગમગી ઉઠશે.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને દ્વારકા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની દ્વારકામાં કરવામાં આવી ભવ્ય ઉજવણી




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૦

૧૫ ઓગસ્ટ ૨૦૨૪ ભારતના ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તેમજ દ્વારકા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે દ્વારકાના પ્રીતમ વ્યાયામ મંદિર ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી.મુખ્ય અતિથિ દ્વારકા યોગગુરૂ કિશોરભાઈ પાઢ ઊર્ફે ગાંધી સાહેબના હાથે ધ્વજ વંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે દ્વારકા સ્વામિનારાયણ મંદિર સ્વામી માધવ પ્રસાદજી, દ્વારકા નગરપાલિકા ચીફ ઓફિસર ઉદીત નસીતસર, દેવભૂમિ દ્વારકા જિલ્લા યોગ કોર્ડીનેટર ધનાભા જડિયા, જી.વી.ટી દ્વારકા ચેરમેને હેમાંગીનીબેન માણેક, દ્વારકા ગુગ્ગુલી જ્ઞાતિ મહિલા મંડળ પ્રમુખ હેમાબેન ઠાકર,રઘુવંશી મહિલા મંડળ પ્રમુખ કિશોરીબેન જટણીયા, રાધે ફાઉન્ડેશન સંસ્થાપક રસિકભાઈ છાયા, એન.ડી.એચ હાઈસ્કુલ આચાર્ય આંબલીયાસર, ડી.એન.પી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ આચાર્ય મીનાક્ષીબેન ઠાકર, એનડીએચ પ્રાથમિક વિભાગ આચાર્ય મીરાબેન, નગરપાલિકા પૂર્વ સદસ્યો, દ્વારકા યોગ પરિવાર સદસ્યો, વિદ્યાર્થીઓ, વાલીઓ, નગરપાલિકા કર્મચારીઓ, શાળા સ્ટાફ સહિત ૫૦૦ થી પણ વધારે લોકો ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે દેશભકિત, સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર અનેક વ્યકિતઓને દ્વારકા નગરપાલિકા પ્રશાસન દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા. આઝાદી કા રંગ યોગ કે સંગ એ મુખ્ય થીમને ધ્યાનમાં રાખી કોર્ડીનેટર ધનાભા જડિયા દ્વારા સ્વાગત ઉદબોધન સાથે જીવનમાં યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું. દ્વારકા યોગ કોચ સન્નીભાઈ પુરોહિત તેમજ ટીમ દ્વારા યોગ જાગૃતિ સેશન, યોગકોચ રેશ્માબેન ગોકાણી તેમજ ટીમ દ્વારા દેશની સંસ્કૃતિની ઝાંખી કૃતિ, એન.ડી.એચ હાઈસ્કુલની બાળાઓ દ્વારા એસ.પી.સી પરેડ સાથે દેશભકિત કૃતિ, ડી.એન.પી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ દ્વારા સાંસ્કૃતિક કૃતિ, એનડીએચ હાઈસ્કૂલ દ્વારકા પ્રાથમિક વિભાગ દ્વારા કૃતિ રજૂઆત કરવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમનું એન્કરિંગ દ્વારકાના અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા ગિરધરભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું.

# સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય ઉનામાં ૭૮મો સ્વતંત્રતા દિવસ ઉજવાયો

## ઉનાના નામાંકિત ડો.આશિષ વકીલના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૦



ઉના શહેરમાં આવેલી સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલયમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૨૦૦૦ વિધાર્થીઓ દ્વારા ઉનાના મુખ્યમાર્ગો ઉપર રેલીનું આયોજન થયું હતું. ત્યારબાદ નામાંકિત ડો.આશિષ વકીલના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા યોગાસન, તલવાર રાસ રજૂ કરવામાં આવ્યા હતા અને સંસ્થાપક પ.પૂ.શાસ્ત્રી માધવદાસજી સ્વામીએ સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ પાઠવી હતી અને તેમની પ્રેરણાથી ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢમાં ખેતલીયા દાદા મંદિરે વાર્ષિક પાટોત્સવની ઉજવણી

જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢમાં હિંગળાજ ફળિયા વિસ્તારમાં પ્રાચીન ખેતલીયા દાદાનું મંદિર આવેલું છે. શ્રાવણ વદ પાચમના તા.૨૩ને શુક્રવારે ખેતલીયા દાદા મંદિરના વાર્ષિક પાટોત્સવની ઉજવણી કરાશે. કાર્યક્રમ અંતર્ગત સવારે આરતી ત્યારબાદ યજ્ઞ, બપોરે ૧૨:૩૦ વાગ્યે બીડુ હોમવામાં આવશે. દર્શન અને ધાર્મિક કાર્યક્રમનો ધર્મ પ્રેમી ભાવિકોએ લાભ લેવા મંદિરના વ્યવસ્થાપક વિનુભાઈ કુરાણીએ યાદીમાં જણાવ્યું છે.

# ખંભાળિયાના શક્તિનગર ખાતે તારીખ ૬ સપ્ટેમ્બરથી ચાર દિવસનો શિરૂતળાવનો લોકમેળો યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૦



ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં આવેલા શીરેશ્વર મહાદેવ મંદિરના વિશાળ પટાંગણમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ રખ પાંચમના લોકમેળાનું સુંદર અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શીરૂ તળાવના મેળા તરીકે યોજાતા આ લોકમેળામાં આગામી તારીખ ૬ સપ્ટેમ્બરથી ૯ સપ્ટેમ્બર સુધી ચાર દિવસ આ લોકમેળો યોજાશે. ભાદરવા સુદ ત્રીજ, ચોથ, પાંચમ સાથે છઠ સુધી યોજાતા આ ચાર દિવસના લોકમેળામાં સૌરાષ્ટ્ર અને ગુજરાતભરના જુદા-જુદા વિસ્તારોમાંથી વિવિધ પ્રકારની રાઈડસ, સ્ટોલ, રમત-ગમત અને મનોરંજનના સાધનો તેમજ ખાણીપીણીના ધંધાર્થીઓ ઉમટી પડે છે. ત્યારે આ લોકમેળાના સુચારું આયોજન માટે જિલ્લા પ્રશાસનના વડપણ હેઠળ શક્તિનગર ગ્રામ પંચાયતના દ્વારા સઘન કામગીરી કરવામાં આવી રહી છે. આના અનુસંધાને આગામી ગુરૂવાર તારીખ ૨૨ ઓગસ્ટના રોજ લોકમેળા માટેના પ્લોટોની જાહેર હરાજી યોજવામાં આવી છે. આ હરાજી શિરેશ્વર મહાદેવ મંદિર - શક્તિનગર ખાતે સવારે ૮:૩૦ વાગ્યાથી શરૂ થશે. આ દિવસે બાકી રહેલા પ્લોટની હરાજી બીજા દિવસે શુક્રવાર તા. ૧૩ ના રોજ સવારે ૧૧ વાગ્યે આ જ સ્થળે કરવામાં આવશે. લોકમેળાના પ્લોટનો નકશો ગ્રામ પંચાયત કચેરી ખાતેથી જોઈ શકાશે. આ હરાજીમાં સહભાગી થવા ઈચ્છતા વિવિધ ધંધાર્થીઓએ ગુરુવારે સવારે મેળાના સ્થળે ઉપસ્થિત રહેવા ગ્રામ પંચાયતના સરપંચ પૂનમબેન મયુરભાઈ નકુમ તથા તલાટી પી.ડી. વીંજોડા દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ખંભાળિયાની પશુ સેવા સંસ્થાના કાર્યકરોને સન્માનિત કરાયા

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૨૦



દેવભૂમિ દ્વારકા જિલ્લાની જાણીતી પશુ સેવા સંસ્થા એવી ખંભાળિયાની એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમયાંતરે વિવિધ પ્રકારની પશુ સેવાને લગતી કામગીરી કરવામાં આવે છે. જે સમગ્ર પંથકમાં આવકારદાયક બની રહી છે. સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ખંભાળિયામાં યોજાયેલા ખાસ કાર્યક્રમમાં એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકરોને તેમની આ નોંધપાત્ર સેવા બદલ પાલિકાના હોદ્દેદારો અને સત્તાધિશોની ઉપસ્થિતિમાં સંસ્થાના સભ્યો ઉદય ગોપિયાણી, શેખરભાઈ, આયુષ મહેતા, અજય ગઢવીને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ઓખામાં રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ યોગા ગ્રુપની બહેનોએ બીએસએફના જવાનોને રાખડી બાંધી

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૦




ઓખા ખાતે યોગા ગ્રુપની બહેનોએ બીએસએફના જવાનોને રાખડી બાંધી હતી. રક્ષાબંધનની પૂર્વસંધ્યાએ ઓખામાં બીએસએફના કેમ્પએ જવાનોને બહેનો દ્વારા રાખડી બાંધવામાં આવી હતી. દેશની રક્ષા કરવા બીએસએફનાં જવાનો જે પોતાના પરિવારથી ખુબ દૂર હોય ત્યારે ઓખાનાં યોગા ગ્રુપની બહેનો દ્વારા રાખડી બાંધી તેમને અહીંયા પરિવાર છે તેવો એહસાસ કરાવેલ હતો આ ક્ષણે બીએસએફના જવાનો પણ ભાવુક થયા હતા.

બીએસએફનાં અરૂણકુમાર તેમજ સાથી જવાનોને બહેનો પાસે રાખડી બંધાવી ગદગદિત થયા હતા. આ કાર્યક્રમમાં ઓખા યોગા ગ્રુપના લીડર રક્ષાબેન જોષી તેમજ તેમની સાથે યોગા ગ્રુપની બહેનો જોડાયા હતા. ઉપરાંત ઓખા નગરપાલિકાનાં સદસ્યા સોનલબેન પણ જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઓખા યોગા ગ્રુપની બહેનો દ્વારા સુંદર રીતે કરવામાં આવેલ હતું.

# જૂનાગઢ ખાતે આગામી રવિવારે ચુંવાળીયા કોળી સમાજની બેઠકનું આયોજન

જૂનાગઢ, તા.૨૦




જૂનાગઢ ગિરનાર પર્વત ઉપર બે હજાર પગથિયા પર ચુંવાળીયા કોળી સમાજના ધર્મગુરૂ સંત શિરોમણી શ્રી વેલનાથ બાપુની ચૈતન્ય આરાધ્ય સમાધી આવેલી છે ત્યા સુધી પહોંચવા માટે મુખ્ય રસ્તાથી થોડે દૂર સુધી જ પગથિયા બનાવી આપવા માટે ગુજરાત સરકાર શ્રી પાસે વારંવાર લેખિત તથા રૂબરૂ રજૂઆત કરવામાં આવી હતી પરંતુ આજ દિવસ સુધી સરકાર તરફથી યોગ્ય પ્રતિભાવ મળ્યો નથી તો આ બાબતે આગામી તા. ૨૫/૮ / ૨૦૨૪ રવિવારે સાંજે ૫ થી ૭ ન્યુ બેસ્ટ ઈંગ્લીસ સ્કુલ જોશીપરા જૂનાગઢ ખાતે એક અગત્યની બેઠક રાખવામાં આવેલ છે જેમાં આ મુદ્દે ચર્ચા વિચારણા કરી આગમી દિવસોમાં અસરકારક રજૂઆત સાથે જરૂરી પગલા લેવા માટે સર્વાનુમતે આયોજન નક્કી કરવામાં આવશે તો આ બેઠકમાં ચુંવાળીયા કોળી સમાજના આગેવાનો ભાઈઓ અને બહેનોને હાજર રહેવા એક યાદીમાં જણાવેલ છે.

# ખંભાળિયા નજીક કારમાં લઈ જવાતો દારૂનો જથ્થો ઝડપાયો : રૂા. ૨.૧૨ લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦



ખંભાળિયા નજીકના પોરબંદર માર્ગ પર આવેલી ગંગા જમના હોટલ પાસે અહીંના પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. હેમંતભાઈ નંદાણીયા તથા કાનાભાઈ લુણાને મળેલી ચોક્કસ બાતમીના આધારે અહીં રહેલી મારુતિ એસ ક્રોસ મોટરકાર નંબર જી.જે. ૧૬ સી.બી. ૯૨૫૨ માં ચેકીંગ દરમિયાન પોલીસને દેશી દારૂના બાચકાઓ મળી આવ્યા હતા. આ કાર્યવાહીમાં પોલીસે રૂપિયા ૧૨,૦૦૦ ની કિંમતનો ૬૦૦ લિટર દારૂ તેમજ રૂપિયા બે લાખની કિંમતની મોટરકાર મળી કુલ રૂપિયા ૨.૧૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જો કે દરોડા દરમ્યાન આરોપી નાસી છૂટ્યો હોવાનું જાહેર થયું છે. આ સમગ્ર કાર્યવાહી અહીંના પી.આઈ. બી.જે. સરવૈયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# સ્વાસ્થ્યનાં જોખમ વધારતું એકાકીપણું

દુનિયાના દરેક હિસ્સામાં લોકો એકાકીપણા સામે ઝઝૂમી રહ્યા છે. હળવા-મળવા અને પરંપરાગત રૂપે સામાજિકતાને જીવનારા ભારતીય સમાજમાં પણ લોકો એકલા પડતા જાય છે તે વક્તા જ કહી શકાય. એકાકી થતું જીવન સ્વાસ્થ્ય સાથે જોડાયેલી ઘણી પરેશાનીઓનું કારણ બની રહ્યું છે. એકાકીપણાને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા ‘જોડાણ નહિ અનુભવ કરવાના સામાજિક દર્દ’ રૂપે પરિભાષિત કરગ્યું છે. એકાકીપણાની આ પીડા માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય કથળવાનું કારણ બને છે. માનવીય જીવન માટે સામાજિકતાની સાર્થકતા એ જ વાતથી સમજી શકાય છે કે સામાજિક જોડાણની ભાવના ન હોવી એ રોજની ૧૫ સિગારેટ પીવા બરાબર સ્વાસ્થ્ય જોખમ પેદા કરી શકે છે. જ્યારે સાઈકોલોજિકલ સાયન્સમાં પ્રકાશિત એક અધ્યયન કહે છેકે જે લોકો આઠ કલાક સુધી સામાજિક અલગતાનો અનુભવ કરે છે, તેમાં થાકનું સ્તર વધુ જોવા મળે છે.

ચિંતનીય છે કે ક્યારેક વિકસિત દેશોના સમાજની સમસ્યા ગણાતા એકાકીપણાના દંશથી હવે ભારતીય સમાજ પણ ઝઝૂમી રહ્યા છે. દરેક ઉંમર, દરેક ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો તેની ચુંગાલમાં છે. એક તરફ ઘરમાં રહેતા વડીલો એકાકીપણાનો શિકાર છે તો બીજી તરફ ભવિષ્ય બનાવવા માટે ઘર-પરિવારથી દૂર ગેયલા યુવા એકલા પડી રહ્યા છે. બધું જ મેળવી લેવાના આ દોરમાં એકાકીપણાનો દંશ વિસ્તરી રહ્યો છે. સામાજિક સંબંધોની બગડતી રૂપરેખા અને ટેકનિકે મળીને એકાકીપણાને ઉત્તેજન આપ્યું છે. આભાસી સંસારની દેખાડાની દોસ્તી અને ઉપરછલ્લા સંવાદે હાલતને વધુ વિકટ બનાવી દીધી છે. પરિણામે શારીરિક-મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ વધી રહી છે. મોટાં શહેરોમાં જ નહીં, ગામડાં, કસ્બામાં પણ લોકો પોતાની જાતે જ એકાકી રહેવા લાગ્યા છે. સાથે રહીને પણ લોકો ભાવનાત્મક રૂપે ખુદને એકલા અનુભવી રહ્યા છે. બ્રિટનમાં તો થોડાં વર્ષો પહેલાં એકાકીપણા મંત્રાલય પણ બનાવવામાં આવ્યું છે. કમિશન ઓન લોન્લીનેસ અનુસાર બ્રિટનમાં ૯૦ લાખથી વધારે લોકો સૌથી વધારે કે હંમેશાં એકાકીપણું અનુભવી રહ્યા છે. લગભગ બે લાખ બુઝુર્ગોની મહિનાભરથી પણ વધારે સમય સુધી કોઈ મિત્ર કે સ્વજન સાથે વાત નથી થતી, જેનું પરિણામ કેટલીય ગંભીર બીમારીઓ રૂપે સામે આવે છે. કેનેડામાં પણ લાખો લોકો એકાકીપણાની પીડા સહન કરી રહ્યા છે.

જોકે ભારતમાં હજુ એકાકીપણાના આંકડા વિકસિત અને સુવિધા સંપન્ન જીવનશૈલીવાળા દેશના મુકાબલે ઓછા છે, પરંતુ સજાગતા જરૂરી છે. અસલમાં આપણી સામાજિક વ્યવસ્થાના તાણાવાળા મૂળ રૂપે એકાકીપણાથી બચાવનારા છે. એકાકીપણા સામે લડવા માટે આપણા સામાજિક સંબંધોને વધુ ગંભીરતાથી લેવાનું શરૂ કરવું પડશે. મન અને જીવનને ઘેરતી એકાકીપણાની સમસ્યા સામે ઝઝૂમવા માટે પોતાનાં મૂળિયાં સાથે જોડાવું જરૂરી છે. વધુને વધુ નાણાં કમાવાની લ્હાયમાં આમ એકલા પડતા જવું આપણા સ્વાસ્થ્ય માટે જ ખતરારૂપ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

લેને કો સત નામ હૈ, દેને કો અન્નદાન, તરને કો આધિનતા ડુબને કો અભિમાન - સંત કબીર

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ વદ-૧ મંગલાગૌરી પૂજન, ગાયત્રી પુનઃશ્ચરણ પ્રારંભ, હિંડોળા સમાપ્ત, પા. ખોરદાદ (સાલ) તા.૨૦ ઓગષ્ટ ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૧૫, શત્તતારકા નક્ષત્ર, અતિગંડ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૨૯, સૂ.અ.૭:૧૯

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આરોગ્ય બાબતે સંભાળવું. મહેનત બાદ સફળતા મળે.
વૃષભ:સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે. કાર્ય સિધ્ધિ મળે.
મિથુન:પરિવારમાં આનંદનું વાતાવરણ રહે. આર્થિક પ્રગતિ થાય.
કર્ક: સ્વજનોથી મિલન-મુલાકાત. આનંદમય દિવસ વ્યતિત થાય.
સિંહ: કાર્યબોજમાં વધારો થાય. સંતાનો અંગે ચિંતા રહે.
કન્યા: મહત્વના કાર્યમાં વિઘ્ન આવે. લાભની આશા ઠગારી નીવડે.
તુલા: લાભની તક અટકે, દિવસભર વ્યર્થ ચિંતા રહે.
વૃશ્ચિક:મહત્વના પ્રશ્નો મુંઝવે, કાર્ય સફળ થાય.
ધન: વિરોધીઓથી સાવધ રહેવું. આર્થિક ચિંતાનો ઉકેલ થાય.
મકર: ધાર્યા કાર્યમાં વિઘ્ન આવે. નુકશાનનો પ્રસંગ બને.
કુંભ: અગત્યના કાર્યો પાર પડે. મનની મુરાદ બર આવે.
મીન: મનની મનોકામના પૂર્ણ થાય. આરોગ્ય બાબતે સંભાળવું.

### હવામાન વિભાગે આગાહી કરી

# રાજ્યમાં ફરી વાર થશે વરસાદની જમાવટ

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી મેઘરાજાએ વિરામ લીધો છે. રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદ જોવા મળ્યો નથી. કેટલીક જગ્યાએ જરૂર છૂટોછવાયો વરસાદ જરૂર પડ્યો છે. ગુજરાતમાં લોકો વરસાદની રાહ જોઈ રહ્યાં છે. આ વચ્ચે હવામાન વિભાગે ખુશીના સમાચાર આપ્યા છે. હવામાન વિભાગ પ્રમાણે ગુજરાતમાં ૨૧ ઓગસ્ટથી વરસાદનો નવો રાઉન્ડ આવશે. નવો રાઉન્ડ રાજ્યમાં સારો વરસાદ લાવી શકે છે.

દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં રક્ષાબંધનના દિવસે મેઘરાજાએ ફરીથી એન્ટ્રી મારી છે, ત્યારે નવસારી શહેર અને જિલ્લામાં વહેલી સવારથી વાતાવરણમાં ઉકળાટ અને બફારા પછી બપોરે ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો હતો. જેમાં નવસારીના ખેરગામમાં ૨૭ મિમી વરસાદ ખાબક્યો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે ૨૧ ઓગસ્ટથી રાજ્યમાં ફરી ભારે વરસાદની આગાહી કરી છે. આ દરમિયાન નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં યલો એલર્ટ રહેશે. અત્યાર સુધીની વાત કરવામાં આવે તો સૌરાષ્ટ્ર અને કચ્છમાં સરેરાશ કરતા વધુ વરસાદ પડ્યો છે. અત્યાર સુધી ૫૧૩ mm વરસાદ સામે ૫૩૬ mm વરસાદ નોંધાયો છે.

ગુજરાતના હવામાન વિભાગના નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી સામે આવી છે. શ્રીલંકા પાસે એક સિસ્ટમ બનશે તેના કારણે દક્ષિણ ભારતમાં ભારે વરસાદ થવાની શક્યતા છે. ત્યારબાદ આગળ વધીને અરબી સમુદ્ર આવશે અને મજબૂત થવાની શક્યતા વર્તાઈ રહી છે. સામાન્ય રીતે આ સિસ્ટમ લો પ્રેશર કે ડિપ્રેશન સુધી જઈ શકે છે. આ સિસ્ટમ ૧૬-૧૭ ઓગસ્ટની આસપાસ શ્રીલંકા બંગાળની ખાડીમાં તે દક્ષિણ પૂર્વ અરબી સમુદ્ર તરફ આવી શકે છે. આ વરસાદી સિસ્ટમની અસર ગુજરાત પર પણ થશે. ૨૦થી ૨૫ ઓગસ્ટે ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી અંબાલાલ પટેલે કરી છે. અંબાલાલ પટેલે કહ્યું છેકે, આ દિવસો દરમિયાન મેઘરાજા ગુજરાત પર મનમુકીને વરસશે. ખાસ કરીને આગામી સપ્તાહ ગુજરાતમાં વરસાદી વાતાવરણ રહેશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા પણ કરી દેવામાં આવી છે. આગામી ૪૮ કલાક ખાસ કરીને ઉત્તર ગુજરાતના ભાગોમાં ભારે વરસાદ સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં પણ ભારે વરસાદની આગાહી છે. ત્યારબાદ વરસાદની સિસ્ટમનું જોર ઘટવાથી હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડશે.

ગુજરાતના હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે આગાહી કરી છે કે મહેસાણા, બેચરાજી, સાબરકાંઠાના ભાગે ખેડબ્રમ્હાના ભાગો અને અન્ય ભાગો સહિત આગામી ત્રણ દિવસમાં ઉત્તર ગુજરાતના ઘણા ભાગોમાં હળવાથી ભારે વરસાદી ઝાપટા પડી શકે છે. મધ્ય ગુજરાતના ભાગોમાં પણ હળવા ભારે વરસાદી ઝાપટા પડી શકે છે.

અંબાલાલ પટેલે કહ્યું કે રાજ્યમાં હાલમાં જે વરસાદી ઝાપટા પડી રહ્યાં છે તે આગામી દિવસોમાં વધી શકે છે. તેમણે કહ્યું કે ૧૪ ઓગસ્ટ સુધી ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં અતિ ભારે વરસાદ થવાની શક્યતા છે. અંબાલાલ પટેલે કહ્યું કે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને કચ્છમાં પણ વરસાદ પડી શકે છે.

### ગાંધીનગર ખાતે રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રક્ષાબંધનની ઉજવણી રાજ્યની બહેનો સાથે કરી

## મેયર મીરાંબહેન તેમજ સમાજના વિવિધ વર્ગોની બહેનોએ ભુપેન્દ્ર પટેલને રક્ષા કવચ રાખડી બાંધીને પ્રદાન કર્યું હતું

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી રાજ્યની બહેનો સાથે કરી હતી. ભાઈ-બહેનના પવિત્ર પ્રેમની અભિવ્યક્તિના પર્વની ઉજવણી દરમિયાન મુખ્યમંત્રી સમક્ષ અમદાવાદના ભૂયંગદેવ વિસ્તારમાં સ્થિત સાધના વિનય મંદિરની વિદ્યાર્થિનીઓએ ૧૪૦ ફૂટ લાંબી રાખડી રજૂ કરી હતી. ભગવદ્ ગીતાના અઢાર અધ્યાયના અઢાર શ્લોક દર્શાવતી આ રાખડી આકર્ષણનું કેન્દ્ર બની હતી. ભાઈ બહેનના અપાર સ્નેહ અને અતૂટ લાગણીની અભિવ્યક્તિ ના પવિત્ર ઉત્સવ રક્ષાબંધન પર્વે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને રાજ્યભરમાંથી આવેલી બહેનો માતાઓ એ રાખડી બાંધી રક્ષા કવચ પૂરું પાડ્યું હતું.

પ્રદેશ ભાજપ મહિલા મોરચ ના દીપિકા બહેનના નેતૃત્વ અને સહયોગથી વિવિધ જિલ્લાઓની માતૃ શકિત ગાંધીનગરમાં મંત્રીમંડળ નિવાસ સંકુલના કોમ્યુનિટી હોલમાં વિશાળ સંખ્યામાં મુખ્યમંત્રીને રક્ષા બંધન કરવા માટે ઉમટી હતી અને મુખ્યમંત્રી ના કાંડે રાખડી બાંધી હતી. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા, ગાંધીનગરના ધારાસભ્ય રિટા બહેન પટેલ, મેયર મીરાં બહેન તેમજ સમાજ ના વિવિધ વર્ગોની બહેનોએ ભુપેન્દ્ર પટેલ ને રક્ષા કવચ રાખડી બાંધીને પ્રદાન કર્યું હતું.

ભૂયંગદેવની સાધના વિનય મંદિરની ૨૦ વિદ્યાર્થિનીઓ અને ૩ શિક્ષકોએ મળીને ૪૫ મીટર કાપડ, ઉનના દોરામાંથી જાતે બનાવેલા ૩૬ બુટ્ટા, ૩૦૦ નંગ ઝૂમકા, ૩૦૦ નંગ નાની રાખડી, ગુંદર વગેરે વસ્તુઓનો ઉપયોગ કરીને ૧૨ દિવસમાં આ આકર્ષક રાખડી બનાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભૂયંગદેવની સાધના વિનય મંદિરના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ દ્વારા છેલ્લાં ૧૯ વર્ષથી જુદી જુદી થીમ પર રાખડી બનાવવામાં આવે છે. અગાઉ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા 'G-20', ’કોરોના વોરિયર્સ’, ’આઝાદી કા અમૃત મહોત્સવ’ સહિતની જુદી જુદી થીમ પર રાખડી બનાવવામાં આવી હતી.

શાળાના ટ્રસ્ટી પંકજભાઈ પટેલ, ઈન.આચાર્ય શ્રી જગદીશભાઈ પટેલ અને નિયામક શ્રી રવીન્દ્રભાઈ પટેલે આ ભવ્ય રાખડી બનાવવા અને મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કરવા માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### ૩૦ કરોડનો ખર્ચો કરવામાં આવશે

# અમદાવાદ રથયાત્રાના રૂટની કાયાપલટ કરાશે

## જમાલપુર દરવાજાથી ખમાસા ચાર રસ્તા એએમસી ઓફિસ સુધીના રૂટને અલગ જ રિડેવલપ કરાશે

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ મહાનગર પાલિકાના હેરિટેજ વિભાગ અંતર્ગત ૩૦ કરોડના ખર્ચે રથયાત્રા રૂટની કાયાપલટ કરવામાં આવશે. ભગવાન જગન્નાથ તેમના બહેન અને ભાઈ સાથે જે રૂટ પરથી પસાર થાય છે. તે જમાલપુર દરવાજાથી ખમાસા ચાર રસ્તા એએમસી ઓફિસ સુધીના રૂટને અલગ જ રિડેવલપ કરાશે. મંદિર પરિસર બહાર જ્યાં રથ રખાયા છે અને જ્યાં એએમસી ગાર્ડન છે. તે વિસ્તાર પર વિશાળ પ્લાઝા તૈયાર થશે. મંદિરમાં પ્રવેશ પહેલા જ એક અલૌકિક અનુભુતી થશે. મંદિર પરિસરની આસપાસ વિશાળ પ્લાઝા તૈયાર કરાશે. આંધ્રપ્રદેશથી ખાસ પ્રકારના પથ્થરો અને કોટા સ્ટોન સાથે પાણીના ફુવારા સહિત નવા ગાર્ડન ડેવલપ કરવાનું આયોજન કરાયુ છે. ના ભુતો ના ભવિષ્યમાં તે પ્રકારનો પ્રોજેક્ટ એએમસી વિભાગ દ્વારા હાથ ધરાયો છે. ૩૦ કરોડની માતબર રકમથી વિશાળ પ્રોજેક્ટ તૈયાર થયો છે. જેને મંજૂરી મળી ગઈ છે અને ટૂંક સમયમાં કામ પણ શરૂ થઈ જશે. મંદિર પરિસર બહાર આવેલા એએમસી ગાર્ડન દૂર કરવામાં આવશે. જમાલપુર દરવાજાનું પણ રિડેવલપમેન્ટ મૂળ સ્થિતિ મુજબ કરાશે. જમાલપુર બ્રિજથી પ્રવેશ કરતા જ પાર્કિંગ ઊભું કરાશે. ભક્તો પગપાળા સરળતાથી જઈ શકે તેવી ઉભી કરાશે વ્યવસ્થા. ભવિષ્યમાં જળ યાત્રા રૂટ પણ ડેવલપ કરાશે. રિવરફ્રન્ટ સોમનાથ ભુદ્રના આરા પાસે ઉભુ કરાશે વિશાળ પાર્કિંગ

ભગવાન જગન્નાથ બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્ર સાથે જ્યારે અષાઢી બીજાના દિવસે નગર યાત્રાએ નીકળે છે. ત્યારે આ નગર યાત્રામાં લાખોની સંખ્યામાં ભક્તો માત્ર એક ઝલક માટે તલપાપડ જોવા મળતો હોય છે. ત્યારે આ પ્રોજેકટથી આ નગર યાત્રાની સમૃદ્ધિમાં વધારો થાય તે માટે અમદાવાદ મહાનગર પાલિકા એક રથયાત્રા રૂટ પ્રોજેક્ટ અમલમાં મુક્યો છે. નગર જનોની સુખાકારી વધે અને બહારથી પણ આવતા શ્રદ્ધાળુઓ માટે એક વિશેષ આકર્ષણ ઉભું થાય તે પ્રયાસ કરાઈ રહ્યો છે.

### ભગવાન જગન્નાથે બહેનોને આપી અનોખી ભેટ

# મુસ્લિમ મહિલાઓએ મહંતને બાંધી રાખડી

અમદાવાદ, તા.૨૦

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનો તહેવાર એટલે કે રક્ષાબંધનનો તહેવાર. રાજ્યભરમાં રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરવામાં આવી છે. ભગવાન જગન્નાથ મંદિરમાં પણ રક્ષા બંધનની ઉજવણી કરવામાં આવી છે. દેશમાં બે મંદિર એવા છે કે જ્યાં ભગવાન જગન્નાથજી પોતાના બહેન સાથે બિરાજમાન છે, એક જગન્નાથપુરી અને બીજું ગુજરાતનું અમદાવાદમાં આવેલ જગન્નાથ મંદિર જ્યાં ભગવાન જગન્નાથ પોતાના બહેન સુભદ્રાજી સાથે બિરાજમાન છે. ભાઈ બહેનના પ્રેમનું પ્રતિક એટલે કે રક્ષાબંધન, રક્ષાબંધનની ઉજવણી જગન્નાથ મંદિરમાં કરવામાં આવી છે. બહેન સુભદ્રાએ ભાઈ ભગવાન જગન્નાથજીને ચાંદીની રાખડી અર્પણ કરી છે. તો ભગવાન જગન્નાથજીને બહેન સુભદ્રાજી સોનાના અલંકારો ભેટ કર્યા છે. વર્ષોથી આ પરંપરા ચાલી આવે છે. આજે પણ આ પરંપરા યથાવત રાખવામાં આવી છે. ભગવાન જગન્નાથજીને રાખડી બાંધવાની વિધિ મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી. હિન્દુ શાસ્ત્રોમાં રક્ષાબંધનના તહેવારનું વિશેષ મહત્વ છે અને આ તહેવારોના દિવસે મંદિરમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. આજે પણ રક્ષાબંધનના દિવસે શહેરના જગન્નાથ મંદિરમાં ભક્તો ભગવાનના દર્શન કરવા ઉમટી પડ્યા છે. ભગવાન જગન્નાથજીના ચરણોમાં શીશ ઝુકાવી બહેનોએ ભાઈઓના સ્વાસ્થ્ય સારું રહે અને તેમના જીવનમાં પ્રગતિ કરતા રહે તેવા આશીર્વાદ માંગ્યા. દેશભરમાં રક્ષાબંધનની ઉજવણી વચ્ચે અમદાવાદના જમાલપુર વિસ્તારમાં થયા કોમી એકતાના દર્શન અમદાવાદના જમાલપુર વિસ્તારની ૨૫થી વધારે મુસ્લિમ મહિલાઓએ જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજને તિલક કરીને રાખડી બાંધી હતી. એકતા અને બંધુત્વની ભાવના સાથે જગન્નાથ મંદિરમાં જમાલપુરની મહિલાઓ જોડાયેલી હોય છે. ત્યારે મંદિરના મહંત માટે જાતે સ્વસ્તિક ચિન્હવાળી રાખડી બાંધીને તમામ મહિલાઓએ આજના પર્વની ઉજવણી કરી હતી. આજે ગુજરાત સહિત દેશભરમાં ભાઈ બહેનના પ્રેમના પવિત્ર તહેવાર રક્ષાબંધનની ધામધુમથી ઉજવણી કરવામાં આવે છે ત્યારે આ દિવસે બહેનોને પોતાના ભાઈના હાથમાં રક્ષાસુત્ર બાંધે છે.

# જૂનાગઢ : સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો










જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢ ખાતે શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિનાં તેજસ્વી તારલા તેમજ સોરઠીયા વાણંદ જ્ઞાતિની વિશેસ સિદ્ધિ પ્રાપ્ત કરેલ જ્ઞાતિ ગૌરવનું પણ સરસ્વતી સન્માન સમારોહનો કાર્યક્રમ યોજાઈ ગયો. ગાંધીગ્રામ ખાતે આવેલ આઈ.એમ.એ હોલમાં રાખવામાં આવેલ પ્રસંગમાં સેવાકીય સંસ્થાઓ, રાજકીય મહાનુભાવો તેમજ વિસાળ જ્ઞાતિ જનો, આગેવાનોની ઉપસ્થિત રહી હતી જેમાં કાર્યક્રમ પૂર્વે પ્રમુખ બિપિનભાઈ ભટ્ટી દ્વારા ગુરૂઆહવાન કરવામાં આવેલ હતું. ત્યારબાદ દીપ પ્રાગટ્યમાં બિપિનભાઈ ભટ્ટી, રાજુભાઈ ચુડાસમા, ધનશુખભાઈ ચુડાસમા, વિજય ચુડાસમા તેમજ સત્યમ સેવા મંડળનાં પ્રમુખ મનશુખભાઈ વાજા, નાગભાઈ વાળા, ડૉ.તારક ચુડાસમા, શિલ્પાબેન જોશી, આદ્યશક્તિબેન મજમુદાર સહીતનાં જોડાયા હતાં તેમજ ઉપસ્થિત મંચસ્થ મહેમાન, આગેવાનો દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવેલ હતું. જેમાં ધનશુખભાઈ ચુડાસમા, રાજુભાઈ ચુડાસમા દ્વારા કાર્યક્રમ અંગેની માહિતી આપવામાં આવી હતી.

આ સોરઠીયા વાણંદ જ્ઞાતિનો તૃતીય સન્માન કાર્યક્રમમાં જૂનાગઢ શહેર તેમજ પરાં વિસ્તારમાંથી સોરઠીયા વાણંદ જ્ઞાતિ બહોળી સંખ્યામાં સહપરિવાર ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમમાં ૧૨૦ જેટલાં છાત્રોને શૈક્ષણિક કિટ તેમજ ઊંચી ટકાવારી વાળા છાત્રો ને શિલ્ડ અને કિટ અર્પણ કરવામાં આવી હતી તેમજ ૪૩ વ્યક્તિ જે જ્ઞાતિ વિશેસ છે તેને પણ સર્ટિફિકેટ અને ખેસ અર્પણ કરી સન્માન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં શ્રી જગન્નાથ યુવા સંગઠનનાં પ્રમુખ ભદ્રેશભાઈ પરમાર, પાર્થ ભટ્ટી, વિમલ વાઢેર, પ્રકાશ પરમાર, રાજભટ્ટી, વિજય વાજા, જય દીપ પરમાર, તુસાર ચુડાસમા, કિરીટ ભટ્ટી, સત્યમ ભટ્ટી સહીતનાં કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ગુજરાતમાં વિવિધ નાના યાત્રાધામોનો રૂા.૮૫૭.૧૪ કરોડના ખર્ચે વિકાસ થશે

ગાંધીનગર,તા.૨૦

રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રે જે પ્રગતિ થઈ રહી છે, રાજ્ય સરકાર દ્વારા ધાર્મિક પ્રવાસનને વેગ આપવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. રાજ્યના સોમનાથ, અંબાજી, દ્વારકા વગેરે જેવા મોટા અને મુખ્ય યાત્રાધામોના વિકાસ ઉપરાંત, નાના-નાના યાત્રાધામોનો પણ વિકાસ કરાઈ રહ્યો છે. રાજ્ય સરકારે નાના-નાના યાત્રાધામો ખાતે કુલ અંદાજે ૮૫૭.૧૪ કરોડના ખર્ચે વિકાસકાર્યોનું આયોજન હાથ ધર્યું છે. રાજ્યના મોટા યાત્રાધામોની ફરતે આવેલા નાના યાત્રાધામો ખાતે કુલ ૮૫૭.૧૪ કરોડના ખર્ચે ૧૬૩ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે, જેમાંથી ૬૫૫ કરોડથી વધુના ખર્ચે ૭૬ વિકાસકાર્યો વિવિધ તબક્કામાં પ્રગતિ હેઠળ છે. ઉપરાંત, ૭૦.૧૯ કરોડના ખર્ચે ૫૭ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૫૨.૦૮ કરોડના ૨૪ કામો આયોજનના તબક્કામાં છે. ૭૯.૧૦ કરોડના ૬ કામોનો ચાલુ અંદાજપત્રમાં નવા કામ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યના મહત્વના અંબાજી-બહુચરાજી જેવા યાત્રાધામોની આસપાસ આવેલા યાત્રાધામોનો વિકાસ ૨૧૬.૫૧ કરોડના ખર્ચે કરવામાં આવી રહ્યો છે. આ પૈકી, અંબાજીની આસપાસ આવેલ યાત્રાધામોનો ૧૩૫.૫૧ કરોડના ખર્ચે વિવિધ પ્રકારે વિકાસ કરવામાં આવી રહ્યો છે. પાવાગઢ યાત્રાધામ અને તેની આસપાસના તીર્થક્ષેત્રોમાં અંદાજે ૧૮૭.૪૯ કરોડના વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. પાવાગઢ યાત્રાધામ ખાતે ૧૨૧ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે ચાંપાનેરમાં અંદાજિત ૪૨ કરોડના ખબર્ચે રોડ-રસ્તા અને પાર્કિંગના વિવિધ વિકાસકાર્યો શરૂ કરવામાં આવશે. પાવાગઢ ખાતે આવેલ વડા તળાવ પાસે ૧૧.૫૮ કરોડના ખર્ચે ટેન્ટ સિટી પણ બનાવવામાં આવશે. પોરબંદર, કચ્છ, દ્વારકા અને પાટણ જિલ્લામાં ૩૧૮.૧૩ કરોડના ખર્ચે યાત્રાધામોનો વિકાસ હાથ ધરવામાં આવ્યો છે. કચ્છમાં માતાનો મઢ યાત્રાધામ ખાતે અંદાજે ૩૨.૭૦ કરોડ અને નારાયણ સરોવર ખાતે ૩૦ કરોડના ખર્ચે વિકાસકાર્યો કરવામાં આવી રહ્યા છે. તેવી જ રીતે દ્વારકામાં દ્વારકા કોરિડોરનો ભવ્ય પ્રોજેક્ટ વિચારાધીન છે. તદ્ઉપરાંત; બેટ દ્વારકાના વિકાસ માટે ૧૫૫ કરોડનું માસ્ટર પ્લાનિંગ હાથ ધરાયું બીજી તરફ પાટણ જિલ્લાના સિદ્ધપુર ખાતે ૩૩ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે.

## વરસાદે વિરામ લેતા ફરી એકવાર ઉકળાટ અને બફારો

# રાજ્યમાં અનેક સ્થળોએ ઓગસ્ટના અંતમાં મેઘરાજાની ધમાકેદાર ઈનિંગની શકયતા

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં ઓગસ્ટ મહિનાની શરૂઆતથી વરસાદ જે રીતે ગાયબ થઈ ગયો છે, તેની હજી સુધી પધરામણી થઈ નથી. ત્યારે હવે નવી આગાહીથી કદાચ રાહત મળી શકશે. હાલ તો આગામી ચાર દિવસ વરસાદ માટે કોઈ એલર્ટ નથી. માત્ર આગામી ચાર દિવસ રાજ્યમાં છૂટો છવાયો વરસાદ રહી શકે છે. હવામાન વિભાગે જણાવ્યું કે, ૨૧ ઓગસ્ટથી ગુજરાતમાં વરસાદનો નવો રાઉન્ડ આવશે. આ રાઉન્ડ ફરીથી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ લઈને આવશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, ૨૧ ઓગસ્ટથી રાજ્યમાં ફરી ભારે વરસાદની આગાહી છે. નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદ સાથે યલો એલર્ટ રહેશે. અત્યાર સુધી સૌરાષ્ટ્ર અને કચ્છમાં સરેરાશ કરતા વધુ વરસાદ નોંધાયો છે. અત્યાર સુધી ૫૧૩ **mm** વરસાદ સામે ૫૩૬ **mm** વરસાદ નોંધાયો છે. હવામાનના નિષ્ણાત પરેશ ગોસ્વામીએ કહ્યું કે, ઓગસ્ટ મહિનામાં રાજ્યમાં ખૂબ સારો વરસાદ પડવાનો છે. હાલ અરબી અને બંગાળની ખાડી સંપૂર્ણપણે નિષ્ક્રિય છે. ગુજરાત ઉપર વરસાદની કોઈ સિસ્ટમ સક્રિય નથી. ૧૭-૧૮ ઓગસ્ટએ અરબી સમુદ્રમાં એક સિસ્ટમ સક્રિય બનશે. જેમાં ૧૭થી ૨૧ ઓગસ્ટ સુધી રાજ્યના અમુક વિસ્તારોની અંદર સામાન્યથી મધ્યમ વરસાદ પડશે. ૧થી ૩ ઈંચ સુધીનો વરસાદ પડી શકે છે. ૨૨થી ૩૦ ઓગસ્ટ સુધી બંગાળની ખાડીમાં એક લો પ્રેશર બનશે. તેમણે આગાહી કરી કે, ૨૫ ઓગસ્ટ બંગાળના ઉપસાગરમાં ડિપ્રેશન બની શકે જેના કારણે રાજ્યના ઘણા ભાગમાં ઓગસ્ટના અંત સમયમાં સારો વરસાદ લાવી શકે છે. રાજ્યમાં સિઝનનો એવરેજ ૭૨.૮૬ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં મોસમનો ૮૦.૮૫ ટકા વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત કચ્છ ઝોનમાં મોસમનો કુલ ૮૮.૮૪ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૮૬.૮૫ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં ૫૪.૭૩ ટકા અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૫૬.૭૮ ટકા મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૨ તાલુકામાં વરસાદ ખાબક્યો હતો. જેમાં સુરત શહેરમાં ૧૯ મીમી, વાપીમાં ૧૪મીમી, ગારિયાધાર, ઓલપાડ, જલાલપુર અને કામરેજમાં ૧૩ મીમી, વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત અન્ય તાલુકામાં પણ હળવો વરસાદ ખાબક્યો હતો. ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહે દિવસ દરમ્યાન વરસાદ રહેતા મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સેલ્સિયસ હતું અને વાતાવરણમાં ઠંડક રહેતી હતી. પરંતુ વરસાદના વિરામ બાદ મહત્તમ તાપમાનમાં ફક્ત એક સપ્તાહમાં ૧૦ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો છે. છેલ્લા બેથી ત્રણ દિવસથી મહત્તમ તાપમાન ૩૨થી ૩૩ ડિગ્રી સેલ્સિયસ રહે છે.

# વિધાનસભાના ચોમાસુ સત્રમાં સરકાર મહત્ત્વના પાંચ વિધેયક લાવવા તૈયાર

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર આગામી ૨૧થી ૨૩ ઓગસ્ટ સુધી યોજાવા જઈ રહ્યું છે. આ ત્રણ દિવસના સત્રમાં સરકાર પાંચ મહત્વપૂર્ણ વિધેયકો વિધાનસભા ગૃહમાં રજૂ કરવા માટે તૈયાર છે. આ વિધેયકોને છેલ્લા કેબિનેટ બેઠકમાં મંજૂરી આપી દેવામાં આવી છે, અને તે દરમ્યાન સંભવિત કાનૂની ફેરફારો ઉપર ચર્ચા થશે. આ વિધાનસભા સત્રના કામકાજને સુનિશ્ચિત કરવા માટે તારીખ ૨૦મીએ કામકાજ સલાહકાર સમિતિની બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં ત્રણ દિવસ દરમ્યાન હાથ ધરવાના કામને મંજૂરી અપાશે.સત્રની પ્રથમ બેઠક તા. ૨૧મીના બપોરે ૧૨ કલાકે શરૂ થશે, જેમાં દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે અને ત્યારબાદ સરકારી કામકાજ પર ચર્ચા થશે. મૂળમાં સરકાર આ સત્રમાં પાંચ વિધેયકો રજૂ કરવા જઈ રહી છે, જેમાં કેટલાક મહત્વના કાયદાકીય સુધારાઓનો સમાવેશ થાય છે. ગૃહ વિભાગ દ્વારા ભ્રષ્ટાચાર સામેની લડતને વધુ મજબૂત બનાવવા માટે ભ્રષ્ટાચારીઓની મિલકત જપ્ત કરવાની તજવીજ કરવાનું બિલ રજૂ કરાશે. આ સિવાય કાળા જાદુને રોકવા માટે કાયદો લાવવો અને દારૂ અને ડ્રગ્સના કેસમાં પકડાયેલા વાહનોની હરાજી અંગેના કાયદા રજૂ કરાશે. મહેસૂલ વિભાગ પણ બિનખેતી માટેના પુરાવાની માન્યતાને લગતા કાયદાકીય સુધારા સાથે એક વિધેયક રજૂ કરશે, જે કૃષિ અને નોન-એગ્રીકલ્ચરલ લેન્ડ કન્વર્ઝનના મામલાઓમાં સ્પષ્ટતા લાવશે. આ ઉપરાંત કેન્દ્ર સરકારે સંસદમાં ફોજદારી ન્યાયસંહિતા વિધેયક ગત વર્ષે પસાર કરાવ્યું હતું. તે અનુસંધાનમાં ગુજરાત સરકાર આ સત્રમાં અનુકૂળ સુધારા સાથે આ વિધેયકને વિધાનસભામાં રજૂ કરશે. ગુજરાત સરકારના સૂત્રો અનુસાર, કેબિનેટ બેઠકમાં મોટા ભાગના વિધેયકો માટે મંજૂરી મળી ગઈ છે, પરંતુ કેટલીક કાનૂની જટિલતાઓના નિવારણ માટે હજુ પણ કાયદાવિદોની સલાહ લેવામાં આવી રહી છે. આ વિધેયકોના અમલથી, રાજ્યમાં ભ્રષ્ટાચારની મિલકતો જપ્ત કરવા માટે પોલીસને વિશેષ સત્તાઓ મળશે અને આ મુદ્દાઓને વિશેષ અદાલતોમાં લાવવાનું આયોજન પણ કરવામાં આવશે. આ સત્રમાં આકર્ષણનું કેન્દ્ર રહેવાના વિધેયકો ઉપર સભ્યોમાં જોરદાર ચર્ચા થવાની સંભાવના છે.

# નોઈડાની સોસાયટીમાં રાત્રે 'રેવ પાર્ટી' ચાલી રહી હતી અને અચાનક પહોંચી પોલીસ, ૩૯ છોકરા-છોકરીઓ ઝડપી લીધા

નોઈડા, તા.૨૦

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીને અડીને આવેલા નોઈડામાં એક રહેણાંક સોસાયટીના ફ્લેટમાં પોલીસે દરોડા પાડીને ૩૯ યુવક-યુવતીઓની અટકાયત કરી છે. ફ્લેટમાં રાત્રે કથિત રીતે રેવ પાર્ટી ચાલી રહી હતી. પોલીસના દરોડામાં ઝડપાયેલા તમામ લોકો જાણીતી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ છે. પોલીસે સ્થળ ઉપરથી મોટી સંખ્યામાં હરિયાણા લેબલ દારૂની બોટલો અને હુક્કા જપ્ત કર્યા છે. નોઈડા પોલીસના એક અધિકારીના જણાવ્યા અનુસાર પોલીસને માહિતી મળી હતી કે નોઈડાના સેક્ટર-૯૪ સ્થિત સુપરનોવા સોસાયટીના એક ફ્લેટમાં ઘણા લોકો રેવ પાર્ટી કરી રહ્યા છે. પોલીસે મધરાતે ફ્લેટ ઉપર દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ ઉપરથી ૩૯ યુવક-યુવતીઓની અટકાયત કરી હતી. પૂછપરછ દરમ્યાન જાણવા મળ્યું હતું કે પાર્ટીમાં ભાગ લેનાર તમામ યુવક-યુવતીઓ એક જાણીતી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ હતા. ફ્લેટમાં પાર્ટી કરતા ઝડપાયેલા વિદ્યાર્થીઓની ઉંમર ૧૬ થી ૨૦ વર્ષની વચ્ચે છે. જયારે પોલીસે ફ્લેટ ઉપર દરોડો પાડ્યો ત્યારે તમામ વિદ્યાર્થીઓ કથિત રીતે રેવ પાર્ટી કરી રહ્યા હતા. પોલીસે તમામની અટકાયત કરી છે.

# વર્ષ ૨૦૩૦ સુધીમાં ગુજરાતનું રિન્યુએબલ એનર્જીમાં ૧૦૦ ગીગાવોટની ક્ષમતા હાંસલ કરવાનું લક્ષ્યાંક

ગાંધીનગર, તા. ૨૦

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ નેતૃત્વ હેઠળ પવન ઊર્જામાં ગુજરાત હવે સમગ્ર દેશમાં નંબર વન રાજ્ય બની ગયું છે. પવન ઊર્જા એટલે કે વિન્ડ એનર્જી દ્વારા વીજળી ઉત્પન્ન કરવાની ગુજરાતની ક્ષમતા હવે ૧૨,૧૩૩ મેગાવોટ પર પહોંચી છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં રાજ્ય સરકારે પરંપરાગત-રિન્યુએબલ એનર્જીમાં ૧૦૦ ગીગાવોટની ક્ષમતા હાંસલ કરવાનું લક્ષ્યાંક રાખ્યું છે. વડાપ્રધાનશ્રીના અધ્યક્ષતા સ્થાને મળેલી કેબિનેટની બેઠકમાં આગામી નાણાકીય વર્ષ માટે રજૂ કરાયેલા બજેટમાં દેશમાં ૧ કરોડ રહેઠાણો ઉપર સોલાર પેનલ લગાવવા 'પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજના' જાહેર કરી છે. આ યોજના અંતર્ગત સોલાર પેનલ્સના ઈન્સ્ટોલેશન માટે રૂ. ૬૫,૭૦૦ કરોડની સબસિડી પુરી પાડવાની મંજૂરી આપી છે.

ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં સ્વચ્છ ઊર્જાના નવા લક્ષ્યાંકને હાંસલ કરવા તેમજ 'શૂન્ય કાર્બન વીજળી' ઉત્સર્જનનું લક્ષ્ય હાંસલ કરવા રાજ્ય સરકારે "ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી -૨૦૨૩" અમલી બનાવી છે. આ નીતિનો મુખ્ય ઉદેશ્ય પુર્નઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પન્ન કરતા પ્રોજેક્ટસનું નિર્માણ કરવાનું છે અને આ નીતિમાં સૌર, પવન અને હાઈબ્રિડ જેવી તક્નીકોનો સમાવેશ થાય છે. સાથે જ આ નીતિમાં વિવિધ પ્રકારના પ્રોજેક્ટ્સ જેવા કે ગ્રાઉન્ડ અને કેનાલ માઉન્ટેડ સોલાર, રૂફટોપ અને ફલોટિંગ સોલાર તેમજ હાઈબ્રિડ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. રાજ્યના દરેક જિલ્લાના ગ્રામીણ ક્ષેત્રમાં રૂફટોપ સોલારને અપનાવવા સોલાર વિલેજનું નિર્માણ કરાશે. આ સોલાર વિલેજના નેજા હેઠળ વપરાશ પછી બાકીની વીજળીનું વેચાણ કરી રૂફટોપ સોલાર ધરાવતા તમામ પરીવારો વધારાની આવક મેળવી શકશે. રહેણાંક વિસ્તારમાં આ યોજના થકી કુલ ૩,૦૦૦ મેગાવોટ જેટલી સૌર ઊર્જા ક્ષમતામાં વધારો થશે. જેના પરિણામે રાજ્યના અંદાજીત ૧૭ હજારથી વધુ નાગરિકોને રોજગારી પણ મળશે.

સમગ્ર દેશમાં સોલાર રૂફટોપ ઈન્સ્ટોલેશનમાં ગુજરાતની શ્રેષ્ઠ કામગીરી દેશમાં સોલાર રૂફટોપ ઈન્સ્ટોલેશનની કામગીરીમાં ગુજરાત કુલ ૨૩ ટકા જેટલી કામગીરી સાથે દેશમાં પ્રથમ ક્રમે છે. ઈન્ડિયા સ્માર્ટ ગ્રીડ ફોરમ દ્વારા દેશમાં ઊર્જા ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ 'નવીનીકરણ રિન્યુએબલ એનર્જી પ્રોગ્રામઃ સોલાર એવોર્ડ-૨૦૨૩' જાહેર કરવામાં આવ્યો હતો. તાજેતરમાં આ એવોર્ડ મધ્ય ગુજરાત વીજ કંપની લી. **(MGVCL)**ને 'ગ્રીડ કનેક્ટેડ સોલાર રૂફટોપ ઈનસ્ટોલેશન' માટે સમગ્ર દેશમાં સૌથી શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ દિલ્હી ખાતે આપવામાં આવ્યો હતો. **MGVCL** દ્વારા જૂન ૨૦૨૩ સુધીમાં ૫૯૮ મેગાવોટના સોલાર રૂફટોપ પ્રોજકટસની કામગીરીનો લક્ષ્યાંક પૂરો કરવામાં આવ્યો હતો. જેનાથી પ્રતિવર્ષ અંદાજીત ૭,૪૭૫ લાખ ટન કાર્બન ડાયોક્સાઈડ **($CO_2$)** ઉત્સર્જનમાં બચત થતી હોવાથી, આ બચત દર વર્ષે અંદાજીત ૩૦૦ લાખ વૃક્ષોનું વાવેતર કરવા બરાબર છે

# જો તમે ક્રિએટીવ માઈન્ડ ધરાવતા હોવ તો તમારા માટે કેવા્ નોકરી કે ધંધો કામ લાગે? જાણો ક્રિએટીવ ફિલ્ડની કેરિયર

**તમે જે ફિલ્ડમાં રચનાત્મકતા ધરાવતા હોવ તો તે ફિલ્ડમાં કોર્ષ કરીને તાલીમ મેળવીને તમે આગળ વધી શકો છે. તેના માટે તમારે તમારી જાતને ઓળખવી જરૂરી છે અને આ બાબતમાં જ આગળ વધવું છે તેનો દ્રઢ નિર્ધાર કરી લેવો જોઈએ. અમુક લોકોને ગોડ ગિફ્ટ હોય છે અને તેઓ નાનપણથી જ તે ક્ષેત્રમાં રસ ધરાવતા હોય છે અને કમાલ કરી લેતા હોય છે. આવા લોકોને જો યોગ્ય તાલીમ મળી જાય તો તેઓ સમાજમાં નામ કમાઈ શકે છે અને સમાજને મદદરૂપ થઈ શકે છે. જો તમને કદાચ ગોડ ગિફ્ટ ના હોય પરંતુ બેઝીક આવડત હોય તો તે બાબતના કોર્ષમાં જોડાઈને આગળ વધી શકો છો.**

મિત્રો આજે આપણે એવી વાત કરવી છે કે જેનો વિચાર કરવો જ રહ્યો. કારણ કે એક માત્ર અભ્યાસ કરવાથી કે શિક્ષણ મેળવીને ડિગ્રી પ્રાપ્ત કરવાના કારણે જ સારી કરિયર બને તેવી વાત હવે રહી નથી. પહેલા પણ નહોતી પરંતુ હવે તો જે લોકો અભ્યાસમાં તેજસ્વી કરિયર ધરાવતા નથી પરંતુ ક્રિએટીવ એટલે કે રચનાત્મક દિમાગ ધરાવે છે તેઓ માટે દુનિયા હાથ ફેલાવીને ઊભી છે. તમે કેટલું કામ કરી શકો છો, દુનિયા સમક્ષ કેવી રીતે લઈ જાવ છો અને થોડી બ્રાન્ડીંગ અને માર્કેટીંગની ટ્રીક અપનાવો તેમજ સોશિયલ મીડિયા કે મીડિયાનો સપોર્ટ મળે તો ધંધો ઝડપથી પ્રગતિ કરવા લાગે છે. આથી ચાલો આજે આપણે ક્રિએટીવ ક્ષેત્રો કયા કયા છે અને તેમાં કેવી રીતે આગળ વધી શકો તેના ઉદાહરણ સાથે ચર્ચા કરીશું.

**ક્રિએટીવ ફીલ્ડ એટલે શું?**

મિત્રો ક્રિએટીવ ફિલ્ડ એટલે સાદી ભાષામાં કહું તો કોઈપણ જાતની આવડત એટલે કે ક્રિએટીવ બાબત થઈ. તમે કોઈ વસ્તુ કે સાધનની રચના કરી શકતા હોવ તો તમે રચનાત્મક એટલે કે ક્રિએટીવ કામ કરી શકો છો તેવું કહેવાય છે. તમારી મૌલિક રચનાઓ તમારા કલ્પનાના આધારે કરો. જે બીજા ના કરી શકતા હોવ અને તમારાથી ઉત્તમ પ્રકારે થતી હોય તો તેને ક્રિએટીવ કામ કર્યું કહેવાય. મૂળ વાત તમારા હાથે મેન્યુઅલી અથવા તો મશીનના માધ્યમથી કોઈ બાબતની રચના કરો તો તેને ક્રિએટીવ કામ કર્યું કહેવાય. તેમા શિક્ષણ ગૌણ હોય છે પરંતુ કોઠાસૂઝ, મગજમાં આવતા આઈડિયા અને તેનું અમલીકરણ કેવી રીતે કરી શકો છો તે મહત્વનું છે. જેને સ્કીલ બેઝ્ડ વર્ક કહેવાય છે.

આ ક્રિએટીવ ફિલ્ડ એવું છે કે જેમાં તમે તમારા દિમાગની ઉપજના આધારે કોઈને કોઈ વસ્તુનું સર્જન કરો. આ બાબતમાં રસોઈ કળાથી લઈને સ્પોર્ટ્સ, મ્યુઝિક, એક્ટીંગ સહિતની બધી વિગતોનો સમાવેશ થાય છે. હું તમને એકાદ બે ઉદાહરણ આપું છું. દાખલા તરીકે આજકાલ રિલ્સમાં કેટલાક વ્યક્તિઓ ખૂબ જ પ્રખ્યાત થયા છે.

દાખલા તરીકે એક ભાઈ કેરમ રમવાના ઉસ્તાદ છે. તેઓ એટલી જોરદાર રીતે કેરમની ગેમ રમે છે કે કુકરીઓ જાણે કે તેના આંખના ઈશારે કામ કરતી હોય તેવું તમને લાગે. તેઓ રીલ બનાવે જેમાં તેઓ કહે તે કેરમના ચારમાંથી એક હોલમાં કુકરી જાય. આવી રીલના માધ્યમથી તેઓ ખૂબ જ પ્રખ્યાત થયા છે. કેરમ રમવાનું આખું એક વિશ્વ અલગ છે. આવા માસ્ટર કેરમ ખેલાડી બીજા શોખીનોને પણ તાલીમ આપીને પોતાની કરિયર બનાવી શકે છે. તેઓ સ્પર્ધામાં ભાગ લઈને ઈનામ રૂપે નાણા અને શિરપાવ કમાઈ શકે. પછી તે સેલિબ્રીટી જેવું સ્ટેટસ ભોગવતા હોવાથી પ્રગતિ સામેથી તમારી પાસે આવે છે.

બીજી એક રીલ મેં જોઈ છે કે, ઉત્તર પ્રદેશમાં એક ભાઈ છે તેઓ શુભ પ્રસંગોમાં ધજા કે ફેન્સી કાપડ ઉપર ફેન્સી ફોન્ટ પેઈન્ટ કરીને તેને જરી અને બીજા શણગારના સાધનોથી સ્પેશિયલ એવું કાપડનું પોસ્ટર કે ધજા તૈયાર કરવાનું કામ કરેછે. લોકો દૂર દૂરથી તેને કામ મોકલવે છે. તેમણે તૈયાર કરેલા આવા કાપડના પોસ્ટરો ઉડીને આંખે વળગે તેવા હોય છે. શુભ અને ધાર્મિક પ્રસંગોએ યજનામ કે અન્યોના નામ આ રંગબેરંગી કાપડ ઉપર તેવા આકર્ષક રીતે લખેલા હોય છે કે લોકો તેનો દીવાલ ઉપર ટીંગાડે તો ખૂબ જ સુંદર લાગે છે. આ રચના કરવાનો ચાર્જ લઈને તેઓ અઢળક કમાણી કરે છે. બીજાને પણ પોતાની આવડત આપીને તેમને આગળ વધારવાનું કામ કરે છે.

અન્ય એક ઉદાહરણ આપું તો સુરતમાં એક ભાઈને પેઈન્ટીંગનું કામ બહુ સારૂ આવડે છે. તેઓએ આઈડિયા અપનાવ્યો કે ચાલોર આપણે કંઈક રચનાત્મક કરીએ. તેઓએ જૂના બ્લેક એન્ડ વ્હાઈટમાં પડાવેલા લોકોના ફોટો હોય તેવા અદલ ફોટો કલરમાં બનાવવાનું કામ ચાલું કર્યું. ઘણા બધા લોકો એવા હોય છે કે તેઓના માતાપિતા, બા-દાદા કે પરિવારજનોના વર્ષો જૂના ફોટો બ્લેક એન્ડ વ્હાઈટમાં હોય છે. ખરાબ હાલતમાં હોય. રંગ બદલાઈને પીળાશ પડતો થઈ ગયો હોય છે. તો આ બાઈ તેમને ફોટો મોકલાવો તો તેનું આબેહૂબ સર્જન રંગ ઉમેરીને કરે છે આના તેને રૂપિયા મળે છે અને લોકો રાજી થાય છે. તો આ હતા તેના ઉદાહરણો.

**ક્રિએટીવ બનવા માટે શિક્ષણની જરૂર છે?**

ક્રિએટીવ બનવા માટે શિક્ષણની જરૂર છે તો પહેલા તો એક વાત કહું કે શિક્ષણ તો જરૂરી છે જ પણ શિક્ષણ ના લીધું હોય તો તે આડે આવતું નથી. તમે શિક્ષિત હોવ અને ક્રિએટીવ હોવ તે બાબત સોને પે સુહાગા જેવી થઈ જાય છે. તો મિત્રો ક્રિએટીવ વ્યક્તિને ખાલી પુસ્તકના શિક્ષણને બદલે તાલીમ સાથેનું શિક્ષણ મળે તો ખૂબ જ મજા આવી જાય. આથી તેની જે માનસિક ક્ષમતા છે તેનો કોઈ ઉસ્તાદ વ્યક્તિ દ્વારા તાલીમ મળે તો તેની રચનાઓમાં નિખાર આવે છે અને ઝડપથી સફળતા મળવાના ચાન્સીસ વધારે છે. આ બાબતના પણ ઉદાહરણ આપીશ. ધારો કે કોઈ વ્યક્તિને નાનપણથી જ પેઈન્ટીગનો ખૂબ જ શોખ છે અને તે વ્યક્તિ જો ફાઈન આર્ટસનો કોર્ષ કરી લે તો તેની કારકિર્દીમાં ચાર ચાંદ લાગી જાય છે. તેવી જ રીતે કોઈ ભાઈ સુથારી કામ કરીને ફર્નિચરનું કામ કરે છે. તેમના પુત્રને પણ પિતાનું જોઈને નામપણથી જ ફર્નિચરના કામમાં રસ પડ્યો અને તેના આ ક્ષેત્રમાં જ જવું છે તો તેને કોઈ સંસ્થામાં કારપેન્ટરનો કોર્ષ કરવા મળે તો તે વધુ સારી પ્રોફેશનલ રીતે અને મોર્ડન જ્ઞાન સાથે કામ કરી શકે છે. પોતાના પિતાના બિઝનેસને આગળ વધારી શકે છે. આ બાબત તમામ વ્યવસાય કે જેવા કે સોની કામ, ઈલેક્ટ્રીક ફિટીંગ, કલર કામ સહિતના બિઝનેસને લાગુ પડે છે.

બીજું કે તમને મકાનોની ડિઝાઈન બનાવવાનો શોખ હોય તો આર્કિટેક્ટ બની શકો છો, જાત-જાતની વસ્તુઓ ડિઝાઈન કરવાનો શોખ હોય તો તમે નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈને બીજી એવી સંસ્થાઓ કે જ્યાં પોડક્ટસ સહિતની ડિઝાઈનનો કોર્ષ ચાલતો હોય ત્યાં પ્રવેશ મેળવને શિક્ષણ સાથે તાલીમ મેળવી શકો છો. આજે એવી કેટલીય સ્કીલ છે કે જે વિલુપ્ત થઈ રહી છે અને તેના બચાવવા માટે યુવાધન આગળ વધી શકે છે. માત્ર ટેબલ ખુરશી ઉપર બેસીને કે વાહન ઉપર ફરીને માર્કેટીંગ કરવા માટે આપણે સર્જાયેલા નથી તેવો નિર્ધાર કરીને યુવાનોએ તેમનામાં રહેલી રચનાત્મકતાને બહાર લાવવી જોઈએ. ધારો કે કોઈ ભાઈ નોકરી કરે છે કે ધંધો કરે છે. પરંતુ તેમની સાથે તેઓને ઢોલક વગાડતા બહુ સારૂ આવડે છે. તો સાથે સાથેર પાર્ટટાઈમ ધોરણે આ કામ પણ કરી શકાય છે. રચનાત્મકતાની કોઈ મર્યાદા નથી. તે કોઈપણ બાબતની હોઈ શકે. તે દિમાગની ઉપજ હોય છે અને તમારા દિમાગ કે આવડતની કોપી કોઈ કરી શકે નહીં. તમે અનેક એવી ફુડ પ્રોડક્ટસ ખાધી હશે કે તેના જેવી કોઈ કોપી કરી શકે જ નહી. તો તેના મસાલા બનાવવાની કે પછી તેને બનાવવાની જે સ્ટાઈલ છે તે પણ એક ક્રિએટીવ કામ જ છે. તેના કારણે તેનો દેખાવ, ટેક્સચર અને ટેસ્ટ આવે છે અને લોકોમાં ખૂબ જ આવકાર મળે છે. જો તમે દિમાગની ઉપજ દ્વારા કોઈ એવું કામ કર્યું હોય કે વસ્તુ તૈયાર કરી હોય તો તે તમારી એક મોનોપોલી થઈ જાય છે. લોકો શોધતા આવે છે. કોમ્પ્યુટરના કારણે તો રચનાત્મક કામોમાં ખૂબ મદદ મળે છે. તેની મદદ લઈને પણ કામ થઈ શકે છે.

તમે જે ફિલ્ડમાં રચનાત્મકતા ધરાવતા હોવ તો ફિલ્ડમાં કોર્ષ કરીને તાલીમ મેળવીને તમે આગળ વધી શકો છે. તેના માટે તમારે તમારી જાતને ઓળખવી જરૂરી છે અને આ બાબતમાં જ આગળ વધવું છે તેનો દ્રઢ નિર્ધાર કરી લેવો જોઈએ. અમુક લોકોને ગોડ ગિફ્ટ હોય છે અને તેઓ નાનપણથી જ તે ક્ષેત્રમાં રસ ધરાવતા હોય છે અને કમાલ કરી લેતા હોય છે. આવા લોકોને જો યોગ્ય તાલીમ મળી જાય તો તેઓ સમાજમાં નામ કમાઈ શકે છે અને સમાજને મદદરૂપ થઈ શકે છે. જો તમને કદાચ ગોડ ગિફ્ટ ના હોય પરંતુ બેઝીક આવડત હોય તો તે બાબતના કોર્ષમાં જોડાઈને આગળ વધી શકો છો. તો મિત્રો જોઈ શું રહ્યા છો. તમારી અંદર જે ટેલેન્ટ છે તેને ઓળખો, આત્મવિશ્વાસ રાખો, મહેતન કરવાની તૈયારી રાખો અને વધી જાવ આગળ દુનિયા જીતવા માટે.

'ઓલ ધ બેસ્ટ'

### સોમનાથના સુના દરિયા આજથી ચેતનવંતા કલવરમય બન્યા

# નાળીયેરી પૂનમ-રક્ષાબંધન નિમીત્તે પરંપરાગત દરિયા દેવની પૂજા પછી સાગરખેડૂઓએ દરિયા ખોળે પ્રયાણ કર્યુ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૦

માછીમાર સમાજના ઘરોમાં ગઈકાલે દિવાળી જેવો આનંદ હતો. કારણ કે સરકારી ધારાધોરણ પ્રમાણે ૧૬ ઓગષ્ટથીજ દરિયામાં માછીમારી કરવાની છુટ અપાયેલ હતી. આમ છતાં માછીમાર સમાજ નાળીયરી પૂનમ-રક્ષાબંધનના દિવસે દરિયા દેવની પૂજા કરી દરિયામાં શ્રીફળ અર્પણ કરી પછી જ માછીમારીની સિઝન શરૂ કરે છે. ગઈકાલે અંદાજે ૧૬૦૦થી વધુ વહાણો દરિયા તરફ હંકારાયા હતા. પુર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ સી-ફુડ એકસપોર્ટસ એસો. ઓફ ઈન્ડિયા તથા પુર્વ વાઈસ ચેરમેન એમપીઈડીએ જ ગદીશ ફોફંડી કહે છે કે ‘આજે અમારા સમાજે દરિયા કાંઠે વિધીવત પૂજનવિધી સાથે દરિયા દેવને પ્રાર્થના-પૂજા કરી કે અમોને વ્યવસાયમાં બરકત આપે તથા દરિયા દેવ શાંત થાય અને અમારા પરિવારોને સલામતી આપે. વિશેષમાં તેમણે જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય બજાર ખુબજ નબળી છે એટલું જ નહીં વિશ્વમાં રેડ-સી ઈશ્યુ છે જેને કારણે કન્ટેનરના આંતરરાષ્ટ્રીય ભાડા વધ્યા છે. તદઉપરાંત બજારમાં મંદી છે જેની અસર આંતરરાષ્ટ્રીય બજારમાં આપણી જતી મચ્છીના વેંચાણ ઉપર થશે.

માછીમારોને બોટ ચલાવવા ડીઝલ, બરફ, મજુર, ટંડેલ, વાહન ચાર્જ અને દરિયાઈ કેચની અનિશ્ચિતતા આવા અનેક વિટંબણાઓ-પડકારો હોય છે. આમ છતાં ઈશ્વર ઉપર ભરોસો મુકી અમોને સારા ભવિષ્યની આશા છે.’ આજથી શરૂ થયેલો દરિયાઈ માછીમાર ડે એન્ડ નાઈટ દરિયામાં અવિરત ધમધમી રહેશે. બોટની ટ્રીપ મોટે ભાગે ૨૦ થી ૨૫ દિવસની મત્સ્ય કેચ કરી કિનારે પરત ફરે છે.

## જૂનાગઢમાં વયોવૃધ્ધ પિતાનું નિધન થતા પુત્રીઓએ કંધોતરની ગરજ સારી

જૂનાગઢ તા. ૨૦

આજના યુગમાં સ્ત્રીને પુરૂષ સમોવડી બનવાની સરકારે તક આપી છે. તેને સાર્થક કરતો કિસ્સો જૂનાગઢમાં દેખાયો છે. એક વયોવૃધ્ધ પિતાનું નિધન થતા પુત્રીઓએ કંધોતર બની કર્તવ્ય નિભાવી પુત્રની ગરજ સારી છે. આ કિસ્સાની વિગત પ્રમાણે મુળ બિલખાના અને હાલ જૂનાગઢમાં રહેતા પ્રશ્નોરા નાગર દિનકરરાય ગીરધરલાલ વ્યાસ (ઉ.વ.૯૫)ને એક પુત્ર તથા છ પુત્રીઓ છે. યુગનું અકાળે અવસાન થતા વૃધ્ધ પુત્રના વિરહમાં ચિંતીત હતા. પણ પુત્રીઓએ પુત્ર જેવો પિતાને પ્રેમ આપ્યો હતો. દરમ્યાન વયોવૃધ્ધ દિનકરરાય વ્યાસનું અવસાન થતા પુત્રીઓએ પિતાની અંતિમ યાત્રામાં પુત્રીઓ કંધોતર બની કર્તવ્ય નિભાવતા ઉપસ્થિત ડાઘુઓએ મનોમન પ્રશંસા કરી હતી.

## જન્માષ્ટમીના તહેવારો નિમિત્તે એસટી તંત્ર દ્વારા એકસ્ટ્રા બસો દોડાવાશે

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ એસટી ડેપો દ્વારા તા.૧૭-૮-૨૪ થી એકસ્ટ્રા બસોની સેવા શરૂ કરવામાં આવી છે જે તા. ૨૬-૮-૨૪ સુધી જન્માષ્ટમીના તહેવારોને અનુલક્ષીને મુસાફર જનતાને આજુબાજુના ધાર્મિક અને પ્રવાસન સ્થળો ઉપર એસટી બસની સુવિધા મળી રહે તે માટે જૂનાગઢ બસ સ્ટેશનથી સોમનાથ, દ્વારકા, રાજકોટ, અમરેલી જેવા સ્થળો ઉપર દૈનિક ૧૦ થી ૧૨ એકસ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવી રહયું છે. જેનો લાભ મુસાફર જનતા બહોળા પ્રમાણમાં લે તેવી અપીલ જૂનાગઢ એસટી ડેપોના મેનેજર વી.એમ. મકવાણા દ્વારા કરવામાં આવી છે.

# ગલ્ફના દેશોમાં મહેંદી ક્વિન તરીકે ઓળખ ઉભી કરનાર માંગરોળના રચનાબેન ઠકકર

### ૪૪ વર્ષથી ગલ્ફમાં લોકોને અવિરત સેવા બદલ યુએઈ ગવર્મેન્ટ દ્વારા તેઓનું સન્માન પણ કરાયું






(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૦

મૂળ કેશોદ નજીકના અવાણીયા ગામના વતની અને માંગરોળની કન્યા શાળામાં અભ્યાસ કરી ચુકેલા શારદાબેન દાવડા કે જેઓ લગ્ન બાદ ડોક્ટર રચનાબેન ઠક્કરના નામે પોતાની આવડત અને કૌશલ્યથી ગલ્ફના દેશોમાં મહેંદી ક્વિન તરીકે ઓળખ ઉભી કરી છે. ૧૯૮૦માં દુબઈમાં સલુનની શરૂઆત કર્યા બાદ આજે ૬૬ વર્ષની વયે તેઓ ગલ્ફના દેશોમાં ૧૪ જેટલા બ્યુટી શલુનો ધરાવે છે. જેમાં કામ કરતી ભારત અને અન્ય દેશોની સેંકડો યુવતીઓ આત્મનિર્ભર બની છે. આ ઉપરાંત અનેક યુવતીઓના કન્યાદાન કરી તેઓએ ખરા અર્થમાં નારી શક્તિને ઉજાગર કરી છે. માતા-પિતા, ચાર બહેનો અને બે ભાઈઓના પરિવારમાં પિતા મસ્કતમાં એકાઉન્ટન્ટ હતા. ત્યારબાદ ત્યાંથી પરત ભારત આવી ગયા હતા. રચના બેનને નાનપણથી કુટુંબ, સમાજ આગળ આવે અને ખાસ કરીને યુવતીઓ પગભર બને, સ્વમાનથી જીવે તે માટે કાંઈક અલગ કરવાનું સ્વપ્ન હતું. લગ્ન પછી દુબઈમાં સ્થાયી થયા બાદ મહેંદી તથા મેકઅપમાં સારી એવી આવડત હોય, અહીં સલુન ખોલવાનો વિચાર આવ્યો. પરંતુ અજાણ્યો દેશ, અજાણ્યા લોકો, ભાષા, કલ્ચર સહિતના અંતરાયો વચ્ચે આ વિચારને અમલમાં મુકવો સરળ ન હતો. પરંતુ પતિ રસિકભાઈ અને કુટુંબીજનોએ આપેલી હિંમત અને સપોર્ટથી એક કિલો મહેંદી સાથે સલુનનો પ્રારંભ કર્યો. જો કે શરૂઆતના દિવસો સરળ ન હતા. પરંતુ હાર નથી માનવી તેવા દ્રઢ નિશ્ચય સાથે અડગ રહેનાર રચનાબેનના કામ પ્રત્યેની ધગશથી ધીમે ધીમે જાણીતા થવા લાગ્યાં હતા. તેઓની ગાડી પાટે ચઢી રહી હતી. રોયલ પરિવારોમાં પ્રસંગોએ તેઓને મહેંદી મુકવા માટે મોટા ઓર્ડરો મળવા લાગ્યા હતા. ટૂંક સમયમાં જ તેઓએ મહેંદી કિવન તરીકે નામના મેળવી હતી. ત્યારબાદ પાછું વળીને ન જોતાં આજે દુબઈ, શારજાહ, કુવૈત, યુ.એ.ઈ. સહિતના દેશોમાં તેઓના સલુનો છે. જેમાં મહેંદી ઉપરાંત મહીલાઓને લગતી પેડીક્યોર, મેનીક્યોર, ફેસીયલ, વેક્સિંગ, નેઈલ સહિતની બ્યુટી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. ૪૪ વર્ષથી ગલ્ફમાં લોકોને અવિરત સેવા બદલ યુએઈ ગવર્મેન્ટ દ્વારા તેઓનું સન્માન પણ કરાયું છે.અને ફ્રાન્સની યુનિવર્સિટી દ્વારા ડોકટરેટની ડિગ્રી એનાયત કરવામાં આવી છે. રચનાબેનના સલુનોમાં કામ કરતી ઘણીખરી યુવતીઓ ભારતીય છે. પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવા ઈચ્છતી સામાન્ય ઘરની દિકરીઓને કામ સંબંધિત ટ્રેનિંગ આપવામાં આવે છે. રહેવા તથા જમવા તેમજ સલુનથી આવવા જવા માટે ગાડીની વ્યવસ્થા આપવામાં આવે છે. રચનાબેને સેંકડો યુવતીઓને દુબઈમાં સ્થાયી થવા મદદ કરી છે. જે આજે પોતાનો બિઝનેસ કરી રહી છે. સામાન્ય પરિવારની એક દિકરી આનુ સચોટ ઉદાહરણ છે શીતલ કેન નામે માંગરોળની દીકરી કે જેણે રચનાબેન સાથે શરૂઆત કરી પાંચ વર્ષ ગલ્ફમાં કામ કરી હાલ યુકે (લંડન)માં પોતાનું શલુન ચલાવી આત્મનિર્ભર બની છે સૌરાષ્ટ્ર અને ખાસ તો જૂનાગઢ જીલ્લાનું ગૌરવ કહી શકાય એવા રચનાબેન ટૂંક સમયમાં ગુજરાતના બે શહેરોમાં પોતાના સલુનનો આરંભ કરશે.

# ગોકુળીયુ ગામ ખંભાળિયા... વેલકમ ટુ ખંભાળિયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા. ૨૦

ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી ધણીયાતા તથા નધણીયાતા પશુઓની સંખ્યા દિવસે વધી રહી હોય તેવું ચિત્ર ખડું થયું છે. ત્યારે ખંભાળિયા શહેર તો ઠીક પણ નજીકના હાઈ-વે માર્ગ પર પણ પશુઓની સંખ્યા વધતી જોવા મળી રહી છે. જેથી ખંભાળિયા શહેર ગોકુળીયુ ગામ હોય તેમ કટાક્ષમાં લોકો કહી રહ્યા છે. ખંભાળિયા શહેરમાં પ્રવેશવાના માર્ગ નજીકના ઓવરબ્રિજ નીચે છેલ્લા ઘણા દિવસોથી અવારનવાર ખૂબ મોટી સંખ્યામાં ગાય અને બળદ (ગૌવંશ)ના ડેરા તંબુ જોવા મળે છે. જેના કારણે વાહન ચાલકોને ખૂબ જ હાલાકીનો સામનો કરવો પડે છે.

જ્યારે કરુણ બાબતો એ છે કે હાઈ-વે પર જાણતા-જાણતા નાના-મોટા વાહન ચાલક દ્વારા આવા ગૌવંશને અડફેટે લેવામાં આવે છે. જેના કારણે અવારનવાર પશુઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થવા તેમજ મૃત્યુ પામતા હોવાના બનાવો પણ બની રહ્યા છે. આ પરિસ્થિતિમાં પશુ સેવકો પણ સક્રિય બની અને આવા પશુઓની સેવા, સારવાર માટે દોડતા રહે છે. પશુઓને લગતા આ પ્રશ્નને હલ કરવા માટે સરકારી તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ નિવડ્યું છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી શહેરમાં પણ રસ્તે રઝડતા પશુઓના વધતા જતા ત્રાસ બાદ હવે શહેર નજીકના હાઈવે પર પણ પશુઓ મોટી સંખ્યામાં જોવા મળતા શહેરમાં આવતા કે પસાર થતા વાહનચાલકોને આવા પશુ જાણે "વેલકમ ટુ ખંભાળિયા" કહી રહ્યા હોય તેવું સમજી શકાય.

## માણાવદર તાલુકકક્ષાના ૭૮માં સ્વાતંત્ર્ય પર્વ મરમઠ ખાતે ઉજવાયો



માણાવદર તા. ૨૦ : માણાવદર તાલુકા કક્ષાના ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવશી તથા ૭૫માં તાલુકા કક્ષાના વન મહોત્સવની ઉજવણી પ્રાંત અધિકારી વંથલીના અધ્યક્ષસ્થાને મરમઠ પ્રાથમીક શાળા ખાતે કરવામાં આવી હતી. જેમાં માણાવદર મામલતદાર, રેન્જ ફોરેસ્ટ ઓફીસર, ટીડીઓ, પીએસઆઈ બાટવા તથા ગામ લોકો હાજર રહયા હતા.

## ભાણવડમાં વાહનની ઠોકરે ધણખુટ : એક જ મહિનામાં ગૌ-વંશ રોડ અકસ્માતના અસંખ્ય બનાવ



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા. ૨૦

હાલ ચોમાસાના કારણે ગૌવંશ મોટે ભાગે રોડ ઉપર સૂકી જગ્યામાં બેસતા હોય છે. ત્યારે ભાણવડના વેરાડ નાકા વિસ્તારમાં એક ધણખૂટને વાહન ચાલકે હડફેટે લેતા પગના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેથી સ્થળ પર લોહીના ખાબોચિયા ભરાયેલા જોવા મળ્યા હતા. આ અંગેની જાણ કરાતા ભાણવડના જીવદયા પ્રેમીઓ દ્વારા તુરત તેની સારવાર કરાઈ હતી. ભાણવડની આસપાસમાં એક જ મહિનામાં વાહન ચાલકોની બેદરકારી અને બેફિકરાઈના કારણે ગૌવંશો સાથે માર્ગ અકસ્માતના અસંખ્ય બનાવ બન્યા છે. ત્યારે ભાણવડના જીવદયા પ્રેમીઓ દ્વારા વાહન ચાલકોને વાહન ચલાવતી વખતે અબોલ જીવોનું ધ્યાન રાખવા અને બેદરકારી ન દાખવવા અપીલ કરવામાં આવી છે.

# સુરજકરાડીમાં સ્વતંત્રતા દિવસની આસ્થાભેર ઉજવણી કરાઈ : અગ્રણી વેપારી દ્વારા રાષ્ટ્ર્ધ્વજને સલામી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

૭૮ માં સ્વતંત્રતા પર્વ નિમિત્તે ઓખા નગરપાલિકા વિસ્તારમાં આવેલા સુરજકરાડી નગરપાલિકા પેટા કચેરી ખાતે ગુરુવારે સ્વતંત્રતા દિનની ભાવભરી રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રઘુવંશી વેપારી અગ્રણી તેમજ વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા પ્રભુદાસભાઈ હંસરાજભાઈ કાનાણી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં સુરજકરાડી ગ્રેઈન મર્ચન્ટ એસોસિયેશનના પ્રમુખ રાજુભાઈ સુતરીયા, ઓખા શહેર ભાજપ પ્રમુખ દિલીપભાઈ કોટેચા, ઓખા નગરપાલિકાના ઉપપ્રમુખ હાડાભા માણેક, અગ્રણી રામભાઈ જગતિયા, નગરપાલિકાના સભ્ય રવિભાઈ પરમાર, ચેતનભાઈ માવાણી, ભાસ્કરભાઈ મોદી, જગદીશભાઈ ચાનપા, યુવા ભાજપ મહામંત્રી આનંદભાઈ હરખાણી, સુરજકરાડી ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ પરિમલભાઈ દાસાણી, અગ્રણી રમેશભાઈ રાયચુરા, દિપકભાઈ ગોકાણી, પ્રકાશભાઈ સમાણી કિશોરભાઈ પંચમતીયા, મુકુંદભાઈ ભાયાણી, પ્રભાતસિંહ ચાવડા સહિતના આગેવાનો, વેપારીઓ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. જે તમામને ઉપસ્થિત આગેવાનો દ્વારા પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૨૦

દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં મુખ્ય મથક ખંભાળિયામાં ધરમપુર રોડ પર આવેલા જિલ્લા પંચાયત સદન ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં જિલ્લા પંચાયત પ્રમુખ રિદ્ધિબા શક્તિસિંહ જાડેજા દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને ધ્વજવંદન કરવામાં આવ્યું હતું તેમજ તેમને પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના વિવિધ અધિકારીઓ તેમજ પદાધિકારીઓ સાથે નગરજનો ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સહભાગી થયાં હતા.

# લોઢવા ખાતે સ્મશાન પાસે આવેલ બ્રહ્મનાથ મહાદેવનું પ્રાચીન મંદિર



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૨૦

લોઢવા ગામે સ્મશાન પાસે બ્રહ્મનાથ મહાદેવ મંદિર આવેલ છે. લોકવાયકા મુજબ તણસા તીર્થ પાસે વોકળામાં ભૃગુ ઋષીએ એક શિવ મંદિરની સ્થાપના કરેલ છે તેમજ બાજુમાં એક કુંડ બનાવવામાં આવેલ છે. આ મંદિરની બીજી એક વિશિષ્ટતા એવી છેકે અન્ય મંદિરોમાં શિવની પૂજા કરતા લોકોનું મુખ આથમણી દિશામાં હોય છે પરંતુ આ મંદિરમાં પૂજા કરતા લોકોનું મુખ ઉગમણી દિશામાં હોય છે. આ બ્રહ્મનાથ મહાદેવની પૂજા ભૃગુ ઋષીએ તથા પાંડવોએ કરેલ છે. બીજુ કે શ્રાવણ મહિનામાં આ મંદિર સંપુર્ણ પાણીમાં ડુબેલું હોય છે. ફકત શિખરની ટોચ દેખાતી હોય છે. શ્રાવણ મહિનામાં શિવભકતો દ્વારા સવા લાખ બિલ્વીપત્રથી પૂજન કરવામાં આવે છે પરંતુ શિવલીંગ પાણીમાં ડુબેલું હોય તેથી ભકતો પાણીમાં ઉભી શિવ મંદિર ઉપર બિલ્વપત્ર ચઢાવીને પૂજા કરે છે. ભકતો દ્વારા દર સોમવારે થાળ ધરે છે અને શ્રાવણ મહિનાના અંતે યજ્ઞ કરીને પૂજા પુર્ણ કરે છે. શિવલીંગને બદલે પાણીમાં ઉભીને શિવપૂજા થતી હોય તેવું આ મંદિરનો શિવપુરાણમાં પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

## દ્વારકા ખાતે ગોમતીજીમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી કરાઈ



દ્વારકા તા. ૨૦

દ્વારકાના સ્પોર્ટસમેન અને શ્રી ભડકેશ્વર યોગગૃપના સંચાલક ચેતનભાઈ જીંદાણી તથા તેમના ગૃપ શ્રી ભડકેશ્વર યોગગૃપ દ્વારકા દ્વારા પવિત્ર ગોમતીજીમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી હર્ષોલ્લાસથી કરવામાં આવી હતી. ગોમતીજીમા ધ્વજવંદન કરી લોકોને દેશભક્તિનો સુંદર સંદેશો પાઠવ્યો હતો તેમજ સ્વતંત્રતા દિવસ નિમિત્તે શુભકામના પાઠવી હતી.

## પશ્ચિમ બંગાળમાં મહિલા ડોક્ટર ઉપર દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં ખંભાળિયાના મહિલા કાર્યકરો દ્વારા મૌન કેન્ડલ માર્ચ યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા. ૨૦

પશ્ચિમ બંગાળની આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ કોલકતામાં એક મહિલા ડોક્ટર પર દુષ્કર્મ અને ક્રૂર હત્યાના વિરોધમાં સમગ્ર દેશમાં રોષની લાગણી ફેલાઈ છે. ત્યારે ખંભાળિયામાં મહિલા ભાજપ મોરચા દ્વારા નગર ગેઈટથી જોધપુર ગેઈટ સુધી મૌન કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંગઠન અને મોરચા અને ચૂંટાયેલા હોદેદારો અને મહીલા મોરચાના હોદેદારો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ રેલીમાં મહિલા અગ્રણી નિમિષાબેન નકુમ, નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી, રેખાબેન ખેતિયા, મેઘાબેન વ્યાસ સહિતના મહિલા કાર્યકરો સાથે જિલ્લા યુવા ભાજપ પ્રમુખ વનરાજસિંહ વાઢેર, શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, ઈન્દ્રજીતસિંહ પરમાર, મુકેશભાઈ કાનાણી, હસમુખભાઈ ધોળકિયા સહિતના કાર્યકરો જોડાયા હતા અને બેનરો સાથે વિરોધ વ્યક્ત કર્યો હતો.

# જૂનાગઢ-હસ્તગીરી રૂટની એસ.ટી.બસ ફરી સાંજના જૂનાગઢ ચલાવવા તથા સાવરકુંડલા સુધી રૂટ ટૂંકાવેલ હોય તે રાજુલા સુધી ચલાવવા ટિમ ગબ્બરની માંગ

(પ્રતિનિધિ દ્વારા)
વિસાવદર તા.૨૦

ટિમ ગબ્બર ગુજરાતના કે.એચ. ગજેરા તથા વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા વાહનવ્યવહારમંત્રી, મુખ્યમંત્રી ટ્રાફિકકન્ટ્રોલર, જૂનાગઢ, ડેપોમેનેજર, જૂનાગઢ વિગેરેને લેખીત રજુઆત કરી જણાવેલ છે કે, જૂનાગઢ ડેપો દ્વારા ચલાવવામાં આવતી બસ જૂનાગઢ હસ્તગીરીની એસ.ટી.બસનો રૂટ જૂનાગઢ ડેપો દ્વારા ટુંકાવી નાખવામાં આવેલ હોય તેમજ આ રૂટ સાવરકુંડલા સુધીનો કરી નાખવામાં આવેલ હોવાની રજુઆત મળેલ છે તો આ રૂટને રાજુલા સુધી લંબાવવામાં આવે તો વિસાવદર તાલુકાના ઘણા જ ગામડાંનેઆનો લાભ મળે કારણ કે વિસાવદરથી રાજુલા સુધી જવા માટે વહેલી સવારે ૪ કલાકે એક જ બસ છે.

સતાધાર-મહુવા જે સાવરકુંડલા ડેપો દ્વારા ચલાવવામાં આવે છે ત્યારબાદ બપોર પછી અંદાજે એક જ બસ જૂનાગઢથી રાજુલા છે. જે વિસાવદરથી બપોરના ૪ કલાક આસપાસ છે તો જૂનાગઢ ડેપો દ્વારા હસ્તગીરીનો રૂટ ટુંકાવી નાખવામાં આવ્યો છે. તેને રાજુલાસુધી લંબાવવામાં આવે તો વિસાવદરની મુસાફર જનતાને આનો લાભ મળે અને સવારમાં વિસાવદરથી ધારી, ખાંભા, ડેડાણ, રાજુલા સુધીની બસ પણ મળે અને મુસાફર જનતાની સુખાકારીમાં વધારો થાય તો આ વિષે ઘટતું કરવા વિસાવદરની જનતાની માંગ છે. સાવરકુંડલાથી જૂનાગઢ રૂટ તો પુરા દિવસમાં ૩/૪ ચાલે જ છે જે સાવરકુંડલા ડેપો દ્વારા ચલાવવામાં આવે છે પણ રાજુલા સુધી જવા માટે સવારમાં ૪ કલાકે એક જ બસ છે જે ઘણો જ વહેલો ટાઈમ છે જો આ હસ્તગીરી બસ જે ટુંકાવી નાખવામાં આવી છે તે જ રુટીન ટાઈમ મુજબ રાજુલા સુધી કરવામાં આવે તથા સાંજના સમયે આ બસ જુનાગઢ જે સમયે જતી તેજ સમયે ચાલુ કરવામાં આવે તો લોકોને તથા સરકારી નોકરિયાતોને અપડાઉન કરવામાં ખૂબ જ અનુકૂળતા પડે તેમ છે આ ઉપરાંત પૂરતો ટ્રાફિક મળી રહેવાથી એસ.ટી.ને પણ સારી એવી આવક મળે તેમ છે. અમારી ટિમ ગબ્બરની જે માંગણી છે તે વ્યાજબી કારણની હોય તાત્કાલિક સમયમાં ફેરફાર કરી રૂટ લંબાવી આપવા તથા જુનાગઢ જવા સાંજના સમયે આ બસને ચાલુ કરી આપવામાં આવે તેવી અમારી ટિમ ગબ્બરની માંગ સાથે રજુઆત છે.

અમારી આ રજુઆત લાગુ પડતા વિભાગમાં પહોંચાડી કાર્યવાહી કરી-કરાવી કરેલ કાર્યવાહીનો લેખિત જવાબ નાગરિક અધિકારપત્ર અન્વયે અમારા ટિમ ગબ્બરના સરનામે મોકલી આપવા અરજ કરેલ હોવાનું ટિમ ગબ્બર ગુજરાતના વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# વિસાવદરના વહીવટી તંત્રે મિડિયાને અલગ રાખી રાષ્ટ્રીય પર્વ ઉજવ્યો

(પ્રતિનિધિ દ્વારા)
વિસાવદર તા.૨૦

વિસાવદર તાલુકાના વહિવટી તંત્રે ફરી પોતાની મનમાની અને તુઘલખ વહીવટનું ઉદાહરણ આપ્યું. ગયા વર્ષે ધ્વજ વંદન કાર્યક્રમમાં કરેલી ભૂલોને ઉજાગર કરી અને પ્રજા સમક્ષ મૂકી એટલે આ વખતે મિડિયાને દૂર જ રાખ્યું. સામાન્ય રીતે હેલ્મેટ કે લાયસન્સ ન હોય તો દંડ ફટકારતી આ સિસ્ટમમાં જો અધિકારી ધ્વજની સલામી વખતે ભૂલ કરે તો ક્ષમ્ય કેમ ગણાય ? રોડ રસ્તાઓ માટે જો પ્રજાને ઉજાગર કરવામાં આવે તો તેમાં મરચાં કેમ લાગે છે. મનફાવે ત્યાં રોડ ઉપર ગતિ અવરોધક રાખીને પ્રજાને પરેશાન કરવામાં બાકી નથી રાખતી આ અમલદાર શાહી સડેલી સિસ્ટમ હવે પ્રજાની સાથે મિડિયાનો અવાજ પણ ઘૂટવા માંગે એવું લાગે છે. પ્રજાની પરસેવાની કમાણી પર તાગડધીન્ના કરતા બણગા ફૂંકતા અધિકારીઓ પ્રજાના દુખ દર્દની ક્યાં પડી છે. વાર તહેવારે હાથમાં સાવરણો લઈને નીકળી પડતાં ફોટુપ્રેમી આ અધિકારીઓને શહેરની ગંદકી નથી દેખાતી.અણઘડ વહીવટની સામે ખુલ્લેઆમ વિરોધ કરતા મિડિયાને તંત્રે રાષ્ટ્રીય પર્વથી અલગ રાખી એમ સાબિત કર્યું કે અમારી અમલદારી સામે ચૂપ રહો નહીંતર રાષ્ટ્રીય પર્વ પણ તમને સાથે મળીને ઉજવવાનો કોઈ હક નથી. આ માટે વિસાવદરની મિડીયા ટીમ આગામી દિવસોમાં એક ચોક્કસ કાર્યક્રમ આપશે તેવી ચર્ચાઓ થઈ રહી છે.

# કાળિયા ઠાકોરે યજ્ઞોપવિત્ર ધારણ કર્યું તેમજ રાખડી અર્પણ કરવામાં આવી

## દ્વારકામાં ગોમતી સ્નાન કરી દેહ શુધ્ધી બાદ સમુહ જનોઈ બદલાવાઈ




(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૨૦

યાત્રાધામ દ્વારકા જગતમંદિરે શ્રાવણ માસ પર્વ રક્ષાબંધનના દિવસે કાળિયા ઠાકોરને પ્રવિણભાઈ તેમજ નેતાજી પુજારી પરીવાર દ્વારા વેદિક મંત્રોચાર તેમજ પુંજન વિધી કરી બોપરના સમયે રાજભોગ મિઠા જલ ઉપરાંત નૂતન યજ્ઞોપવિત્ર વૈદિક મંત્રોચાર સાથે કપુરની આરતી કરી ગાયત્રી મંત્ર સાથે યજ્ઞોપવિત્ર ધારણ કરાવામાં આવ્યૂં હતું. તેમજ ઠાકોરજીને રાખડી અર્પણ કરવામાં આવી હતી. જે દર્શાનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લિધો હતો. શ્રાવણ માસના પર્વ રક્ષાબંધના મોટા તહેવાર નિમિત્તે ભારત ભરમાં હિન્દુ શાસ્ત્રો નિયમ મુજબ જનોઈ બદલાનો મહિમા હોય છે. ત્યારે આજે ગોમતી ઘાટ ઉપર હિન્દુ શાસ્ત્રો મુજબ ગુગળી બ્રાહ્મણ ૫૦૫ અને લોહાણા સમાજના પુરૂષોએ પવિત્ર ગોમતી નદિમાં સ્નાન કરી શાસ્ત્રોત મંત્રોચારથી પુજન વિધી કરી યજ્ઞ પવિત્ર (જનોઈ) બદલાવામાં આવી હતી. દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા-પુજા કરતા ગુગ્ગળી બ્રાહ્મણ ૫૦૫ જ્ઞાતી જનો અબોટી બ્રાહ્મણ લોહાણા સમાજના વૂધ્ધો યુવાનો સહિતના લોકોએ સમુહ શાસ્ત્રોક્ત વિધિ મુજબ જનોઈ ધારણ કરાઈ હતી. આજે શ્રાવણી બળેવ પુનમના સંખ્યા બંધ ભાવિકો વહેલી સવારના ગોમતી સ્નાન કરવા પહોચ્યા હતા. ગોમતી સ્નાન બાદ ભાવિકોએ કાળિયા ઠાકોરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. દ્વારકાધીશ જગત મંદિરે બળેવ પુનમના ઠાકોરજીને અલૌકિક શણગાર કરવામાં આવ્યા હતા. વહેલી સવારથી દ્વારકાધીશના દર્શન કરવા છપ્પનસિડી સ્વર્ગ દ્વાર તેમજ મોક્ષદ્વાર પાસે ભક્તોની લાંબી કતારો લાગી હતી. સમગ્ર દિવસ દરમ્યાન સંખ્યાબંધ ભાવિકોએ ઠાકોરજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# જ્યોતિર્લિંગ નાગેશ્વર મહાદેવ મંદિરે અમરનાથ બાબા બર્ફાનીનાં રૂપમાં શ્રૃંગાર



(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૨૦

દ્વારકાથી ૧૬ કિ.મી દુર આવેલ દ્વાદશ જ્યોતિર્લિંગ નાગેશ્વર મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસનાં ત્રીજા સોમવાર અને રક્ષાબંધન નિમિત્તે ભગવાન ભોલેનાથ નાગેશ્વર મહાદેવને અમરનાથ બાબા બર્ફાનીનાં રૂપમાં શ્રૃંગાર રાખવામાં આવ્યા હતા.

# માંગરોળ પોલીસે સીનીયર સીટીઝનોની મુલાકાત લઈ રાખડી બાંધી મીઠાઈનું વિતરણ કર્યુ




(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૧૯

માંગરોળ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.વી. રાઠોડ તથા સી-ટીમ ઈન્ચાર્જ એચસી સમીનાબેન બેલીમ તથા એચસી હંસાબેન પરીયા દ્વારા રક્ષાબંધનના તહેવાર નિમિત્તે માંગરોળ વિસ્તારના ૧૦૦ કરતા વધારે સિનિયર સિટીઝનોની મુલાકાત લેવામાં આવી હતી. તેમજ સિનિયર સિટીઝનોને રક્ષાબંધન તહેવાર નિમીત્તે રાખડી બાંધવામાં આવી અને મીઠાઈનું વિતરણ પણ કરવામાં આવેલ છે.

# ઉના એસટી ડેપો ખાતે ૭૮માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)
ઊના તા.૨૦

ઉના એસ.ટી. ડેપોમાં ૭૮માં સ્વતંત્રતા દિવસની ઉજવણી ડેપો મેનેજર એલ.ડી. રાઠોડના અધ્યક્ષ સ્થાને આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ડ્રાઈવર-કંડકટર ભાઈઓ માન્ય યુનિયનના હોદ્દેદારો તેમજ મિકેનિક સ્ટાફ હાજર રહેલ અને ધ્વજ વંદન કરી સલામી આપી હતી. રાષ્ટ્રગીતનું ગાન કરેલ હતું. આ પ્રસંગે ડ્રાઈવર-કંડકટર દ્વારા વિશિષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરેલ હોય તેવા કર્મચારીઓને પ્રશંસા પત્ર આપી સન્માનિત કરવામાં આવેલા હતા. જેમાં (૧)દિવ્યેશભાઈ ભાવસિંહભાઈ વાળા, (૨) શિલ્પાબેન મોહનભાઈ કાનાણી, (૩) અસ્મિતાબેન અરવિંદભાઈ ઝાલાને પ્રશંસા પત્ર ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ આપી સન્માનિત કરવામાં આવેલ હતા.

# પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનની સી ટીમે સીનીયર સીટીઝન્સ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી





(પ્રતિનિધિ દ્વારા)
પ્રભાસ-પાટણ તા.૨૦

રક્ષાબંધન તહેવાર અનુસંધાને પ્રભાસ-પાટણ પોલીસ સ્ટેશન સી ટીમ દ્વારા સોમનાથ મંદિર ખાતે દર્શનાર્થે પધારેલ સીનીયર સીટીઝનની મુલાકાત લઈ રક્ષા રાખડી બાંધી સીનીયર સીટીઝનના પ્રશ્નો સંવેદનશીલતા પૂર્વક પૂર્ણ કરવા સહનાભૂતી આપી હતી.

# જૂનાગઢમાં પીજીવસીએલની બેદરકારીના કારણે યુવાનનો ભોગ લેવાયાના આક્ષેપ કરતા જીલ્લા કોંગ્રેસ સમીતીના મહામંત્રી વી.ટી.સીડા

જૂનાગઢ તા.૨૦

જુનાગઢ જીલ્લા તાલુકાના વિરપુર ગામના ગરીબ શ્રમિક પરીવારના સેવા ભાવિક અને રાષ્ટ્ર પ્રેમી મુસ્લીમ યુવાને ભારતનું રાષ્ટ્રીય પર્વ ૧૫ મી – ઓગસ્ટ - ૨૦૨૪ ના દિવસે વહેલી સવારે પ્રથમ વિરપુર ગામની સ્કુલમાં શાળાના વિદ્યાર્થીઓ સાથે રાષ્ટ્રધ્વજ કાર્યક્રમમાં હાજરી આપી, તુરત જ તેમના ધંધા અને રોઝીના સ્થળે જુનાગઢ સીટી વિસ્તારના ખલીલપુર રોડ ઉપર કૈલાસ ફાર્મની બાજુમાં આવેલ વેલ્ડીંગની દૂકાન પાસે રાષ્ટ્રધ્વજ ફરકાવવા આશરે ૫-ફુટનો લોખંડનો પાઈપ તૈયાર કરી તેમાં ત્રીરંગો બાંધી રાષ્ટ્રધ્વજ લેહરાવવાની તૈયારી કરતા હતા. તે દરમ્યાન તે વેલ્ડીંગની દુકાન પાસેથી નિકળેલ પી.જી.વી.સી.એલ. ના વિજ વાયર એકદમ નીચે અને ઢીલા હતા. તેના કારણે નાનકડો પાઈપ હોવા છતાય ખુલ્લા વિજ વાયરને અડી જતા મુસ્લીમ યુવાન મોહંમદહનીફ હસનભાઈ સીડા ને ઈલેક્ટ્રીક શોટ જોરદાર આંચકો લાગવાથી બેભાન હાલતમાં ચિંતા પડી ગયેલ ત્યારે તાત્કાલીક વેલ્ડીંગની દુકાનના માલીકે માનવતા દાખવી ૧૦૮ ને તુરત જ બોલાવી જુનાગઢ સરકારી હોસ્પિટલે ખસેડેલ ત્યાં ફરજ પરના ડૉક્ટરે મૃત જાહેર કરેલ. તેની જાણ વિરપુર ગામ અને આજુ-બાજુના વિસ્તારમાં તેમજ સીડા પરીવારમાં રાષ્ટ્ર પ્રેમી અને સેવાભાવી મુસ્લીમ શ્રમિક યુવાનનું જુનાગઢ સીટીના પી.જી.વી.સી.એલ. સબ ડિવિઝનની બેદરકારીના કારણે ઈલેક્ટ્રીક શોટ લાગવાથી અવશાન થયેલ છે. તેની જાણ થતા જ સોકનું મોજુ ફરી વળેલ. કેન્દ્ર અને ગુજરાતની રાજય સરકાર ટી.વી. મિડીયા અને સરકારશ્રીના કર્મચારીઓના માધ્યમથી હર ઘર તીરંગા પ્રચાર પ્રસાર કરે છે. ત્યારે ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૪ના દિવસે જ વિરપુર ગામના મુસ્લીમ યુવાન મોહંમદહનીફ હસનભાઈ સીડા એ પ્રથમ પોતાના ગામની શાળામાં રાષ્ટ્રધ્વજ કાર્યક્રમમાં ભાગ લઈ તે કાર્યક્રમ પુરો કરી તેના ધંધાના સ્થળે જુનાગઢ સીટી વિસ્તારના ખલીલપુર રોડ ઉપર કૈલાસ ફાર્મની બાજુમાં રાષ્ટ્રીય પર્વ ભારતનો ત્રીરંગો લેહરાવતા સેવાભાવીક મુસ્લીમ યુવાન મોહંમદહનીફ હસનભાઈ સીડા નું ઈલેક્ટ્રીક શોટ લાગવાથી અવશાન થયેલ, તેની જાણ તુરત જ ટી.વી. મિડીયામાં ફેલાય ગયેલ, પરંતુ ઘટના બાદ આજ સુધી પણ કોઈ સ્થાનિક વહિવટી સરકારશ્રીના તંત્રએ તેમના પરીવારને પ્રોત્સાહીરૂપે કોઈ પુરસ્કાર કે સાત્વના આપવા પણ દરકાર લીધેલ નથી. તો શું સરકારશ્રીના વહિવટી તંત્રએ માત્ર જાહેરાતોમાં જ રાષ્ટ્ર પ્રેમ બતાવવાનું ? ૧૫ મી - ઓગસ્ટ ૨૦૨૪ ના દિવસે રાષ્ટ્રધ્વજ ફરકાવતા યુવાનનું અવશાન થાય છે તેની કોઈ કદર નહી ? તેવું કટાક્ષમાં સ્થાનિક વહિવટી તંત્રને જુનાગઢ જીલ્લા કોંગ્રેસ મહામંત્રીશ્રી વી.ટી. સીડા ની યાદીમાં જણાવેલ છે.

# ખંભાળિયા નજીક માર્ગ અકસ્માતમાં વધુ એક નંદીનું મૃત્યું



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૨૦

ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી રસ્તે રઝડતા ખાસ કરીને ગૌવંશના અકસ્માત તેમજ મૃત્યુના બનાવ દિવસે દિવસે વધી રહ્યા છે. ત્યારે ગઈકાલે સોમવારે મોડી સાંજે ખંભાળિયા નજીકના બાયપાસ પાસેથી પસાર થઈ રહેલી એક એસ.ટી.બસની અડફેટે એક બળદ આવી ગયો હતો. આ અકસ્માત બાદ બળદ બસની નીચે ફસાઈ ગયો હતો. આ અંગેની જાણ કરવામાં આવતા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટના સેવાભાવી કાર્યકરો તેમજ ગૌસેવકોએ મહા મહેનતે નંદીને બહાર કાઢી અને નજીકની પણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા જ્ઞાતિમાં વિશિષ્ટ યોગદાન બદલ સન્માનીત કરાયા



જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢ ખાતે શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા યોજાયેલ સન્માનનાં કાર્યક્રમમાં સોરઠીયા વાણંદ જ્ઞાતિની વિશિષ્ટ વ્યક્તિઓની સારી કામગીરીનાં યોગદાન બદલ તેને સન્માન કરવામાં આવેલ હતું. ગાંધીગ્રામ આઈ.એમ.એ. હોલમાં યોજાયેલ આ કાર્યક્રમમાં રાજકીય મહાનુભાવો, સેવાકીય સંસ્થાઓના પ્રમુખ તેમજ જ્ઞાતિજનોની ઉપસ્થિત રહી હતી જેમાં સોરઠીયા વાણંદ જ્ઞાતિનાં સમાજમાં સમાચારને લગતી સારી કામગીરી બદલ વિજય ચુડાસમાનું સન્માન પત્ર તેમજ ખેસ અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ હતું.

# ગીર-સોમનાથ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ જવાન ભુપેન્દ્રસિંહ ચાવડાને આસી. સબ ઈન્સ. તરીકે બઢતી



(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ-પાટણ તા.૨૦

ગીર-સોમનાથ જીલ્લા એલસીબી ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ કોન્સ. ભુપેન્દ્રસિંહ ચાવડાને આસી. સબ ઈન્સ. તરીકે પ્રમોશન મળતા સર્વત્ર ખુશી છવાઈ છે. મુળ માંગરોળના વતની અને કાર્યદક્ષ-કર્મયોગી એવા તેઓને આ અગાઉ રાજય ડીજીપીએ તેમની સારી કામગીરી જોઈ સાયબર કોપ એવોર્ડ એનાયત કરેલ છે. ગીર-સોમનાથ એસપી દ્વારા પણ તેઓની ગુના ડીટેક્શન સુઝ-મહેનત સારી કામગીરી બદલ ત્રણ વખત પ્રમાણપત્ર એનાયત કરેલ છે.

IEPF | MINISTRY OF CORPORATE AFFAIRS GOVERNMENT OF INDIA

ધી ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (IEPFA)
કોર્પોરેટ અફેર્સ મંત્રાલય

જાહેર નોટિસ

નિવેશક સુનવાઈ

દેશભરનાં લાગતાવળગતા રોકાણકાર દાવેદારોના લાભાર્થે સંદેશો

ધી ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (IEPFA) જે કોર્પોરેટ અફેર્સ મંત્રાલય હેઠળ કાર્યરત છે તેમના દ્વારા રોકાણકારોના લાભાર્થે નિવેશક સુનવાઈનો પ્રારંભ કરે છે, જે દેશભરના રોકાણકારોની મુશ્કેલીઓનું નિવારણ નિષ્ણાતો દ્વારા કરવામાં આવશે.

હેતુ

નિવેશક સુનવાઈનો હેતુ રોકાણકારોના દાવાઓને સ્પર્શતા મુદ્દાઓની પતાવટ કરીને જરૂરી સહાય પહોંચાડવાનો છે. જેમાં વિવિધ વિસ્તારોનાં કિસ્સામાં સહાયતા માટે નિવેશક સેવક તરીકે મદદ કરી શકશે.

શહેરોની અનુસૂચિ

અમારી અધિકૃત ટીમો નીચે દર્શાવેલ શહેરોની મુલાકાત લઈને વ્યક્તિગત સહકારની અપેક્ષાએ પ્રવચનોનું આયોજન કરશે :

મુંબઈ । અમદાવાદ । બેંગ્લુરુ । ચેન્નાઈ । કોલક્તા

પ્રાસંગિક વિગત

નિવેશક સુનવાઈ ૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સવારે ૯.૩૦ કલાકે અમદાવાદ ખાતે યોજાશે.
સ્થળ : આઈસીએઆઈ ભવન, ૧૨૩, સરદાર પટેલ કોલોની, ઉસ્માનપુર અન્ડરબ્રિજ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૪.

કઈ રીતે ભાગ લેવો

નિવેશક સુનવાઈમાં ભાગ લેવા માટે નોટિસમાં દર્શાવેલ ક્યુઆર કોડ સ્કેન કરો અથવા લિન્ક https://tinyurl.com/vk9jcvs9 ક્લિક કરો. આ નોંધણી કરવાથી સમયસર અને ચોક્કસ મદદ કરવામાં સરળતા રહેશે.

વધુ માહિતી

નિવેશક સુનવાઈની માહિતી જેવી કે તારીખ અને સ્થળ માટે અમારી અધિકૃત વેબસાઈટ www.iepf.gov.in જુઓ. ઉપરાંત સોશિયલ મીડિયા ચેનલ ઉપર નિવેશક સુનવાઈને લગતા છેલ્લા સમાચાર જાણી શકાશે.

તમામ દાવેદારોએ અમારા નિષ્ણાતોને ઉદ્દેશીને દાવાઓની પતાવટ કરવાની તકનો લાભ લેવા વિનંતી છે. તમારો સહકાર તમોને બહેતર સહાયતા માટે મદદરૂપ સાબિત થશે.

CBC07110/15/0003/2425

# જૂનાગઢનાં જાગૃત નાગરીકોએ જોષીપરા રેલ્વે ઓવરબ્રીજ બાબતે વડાપ્રધાનને પત્ર લખ્યો

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ શહેરના પ્રબુધ્ધ નાગરીકો વતી હરસુખભાઈ રાઠોડ દ્વારા વડાપ્રધાનને એક પત્ર પાઠવી જોષીપરા ઓવરબ્રીજનો તજજ્ઞો દ્વારા ફરીથી સર્વે કરાવી જૂનાગઢ શહેરની જનતાને અુનકુળ રહે તે રીતે ઓવરબ્રીજની ડિઝાઈન તૈયાર કરવા માંગણી કરી છે.

વડાપ્રધાનને પાઠવેલા પત્રમાં જણાવેલ છે કે, છેલ્લા દસ વર્ષથી જૂનાગઢ શહેરના સ્થાનિક નેતાઓના અણઘડ વહીવટ અને ભ્રષ્ટાચારથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે. સરકાર દ્વારા વિકાસ કાર્યો માટે ૧૫૬૦ કરોડો રૂપિયા આપેલ છે પરંતુ શહેરમાં એક પણ કામ સંતોષકારક પ્રજા ઉપયોગી થયેલ નથી. જે સબબ તીવ્ર જનાક્રોશ છે તેથી અંગત રસ લઈ બહારના એકથી વધુ નિષ્ણાંતોની ટીમો દ્વારા સમગ્ર જૂનાગઢ શહેરનો ભૌતિક અને ભૌગોલિક સ્થળ-સ્થિતિનો સર્વે કરાવી કયા વિસ્તારમાં કેવા પ્રોજેક્ટ ની જરૂર છે તે મુજબ જૂનાગઢના વિકાસ અને ઉપયોગ માટેના પ્રોજેક્ટ સાકાર કરવા વિનંતી કરવામાં આવી છે.

હાલમાં વિવાદિત ઓવર બ્રીજ રેલવે ક્રોસિંગ માટે જનતાની ૨૫ વર્ષ જુની માગણીનું જોષીપુરાના ઓવરબ્રિજનું ફેર આયોજન શાસકો દ્વારા હાલ કરેલ છે . ભારતીય જનતા પાર્ટીના જ શાસનમાં અગાઉ મંજૂર થયેલ એચ આકારની ઓવરબ્રીજની ડિઝાઈન માત્ર પદાધિકારીઓ બદલાતા રદ કરી નવા પદાધિકારીઓ દ્વારા નવી ડિઝાઈન મંજૂર કરી છે. આ ડિઝાઈન સામે શહેરની પ્રજામાં ભારે રોષ છે. સાથે સાથે જન પ્રતિનિધીઓ, ધારાસભ્ય , પુર્વ ધારાસભ્ય પણ આ ડિઝાઈનનો વિરોધ કરી રહ્યા છે. હાલ ઘણી ભૌતિક સ્થિતિ બદલાયેલી હોવાથી આ પ્રોજેક્ટ સત્વરે સ્થગિત કરી યોગ્ય સર્વે કરાવી નવો પ્રોજેક્ટ મુકવા પત્રમાં જણાવાયું છે. ઓવરબ્રિજ થવો જ જોઈએ પરંતુ બકરૂં કાઢતા ઊંટ દાખલ થાય તેવું ન થવું જોઈએ. હાલ જે ઓવરબ્રિજની ડિઝાઈન ચોક્કસ લોકોના હિત માટે ડિઝાઈન બનાવેલ છે તેનો વાંધો છે. તેનાથી શહેરનો જીવાદોરી સમો ઐતિહાસિક મુખ્ય રોડ સો ટકા પ્રભાવિત થાય તેમ છે. શહેરના ઐતિહાસિક મુખ્ય રોડને કોઈપણ ભોગે બચાવવો આવશ્યક છે. ઓવરબ્રીજની નવી ડીઝાઈનથી સરકારી જમીનો (૧) એલસીબી ઓફિસની જમીન(૨) પંકજ બંગલાની જમીન(૩) એસટી વર્કશોપની જમીન (૪) પીડબ્લ્યુડીની જમીન મોટા પ્રમાણમાં પ્રભાવિત થશે અને શહેરની હોસ્પિટલો, હોટલો, પેટ્રોલ પંપો તથા અનેક વેપાર ધંધા રોજગારને પણ પ્રભાવિત કરશે.

ઐતિહાસિક જૂનાગઢ શહેરને વિશ્વ ફલક ઉપર મુકવા માટે રેલ્વે સ્ટેશનથી ગાંધી ચોક સુધીની બિન ઉપયોગી ખાલી વેરાન પડેલી સરકારી જમીનો પડી છે તેનો જાહેર સુખાકારી હેતુ માટે પ્રોજેક્ટ કરવામાં આવે સાથે (૨) જોષીપુરા ઓવરબ્રિજની યોગ્ય ડિઝાઈન બનાવી એક જ પ્રોપર્ટીમાં મુખ્ય રોડની નજીક લેન્ડ કરવામાં આવે તો શહેરના જીવાદોરી સમાન મુખ્ય રોડને બચાવી શકાય. આજના આધુનિક યુગમાં કોઈપણ બાબત અશક્ય નથી.

જૂનાગઢ રેલ્વે સ્ટેશનને અધતન બનાવવા માટે રૂા.૧૩૨ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત કરેલું છે તેની લગોલગ બાજુમાં વેરાન પડેલ સરકારી જમીનો આવેલી છે તેથી આ મહામૂલી કીંમતી જમીનનો સદ્‌ઉપયોગ થાય તે જરૂરી છે. જૂનાગઢ મનપાનાં સ્વર્ગસ્થ મેયર ધીરૂભાઈ ગોહિલના વખતમાં 'H' પ્રકારની ડિઝાઈન મંજૂર કરવામાં આવેલી હતી તે પણ ખૂબ જ સાનુકુળ અને મલ્ટીપલ યુઝ માટેની હતી અને તેના તમામ પિલર્સ સરકારી જમીનમાં આવતા હતા તે નિર્વિવાદિત ડિઝાઈનને ભંડોળના અભાવે મુલતવી રાખેલ છે તે કેટલી અંશે વ્યાજબી ગણાય? તેવો સવાલ પત્રમાં ઉઠાવ્યો છે.

આ અંગે મુખ્યમંત્રી , પ્રભારી મંત્રી, તેમજ રાજય સરકારમાં રજૂઆત કરી છે પરંતુ પરિણામ નહીં મળવાથી વડાપ્રધાનને લેખિત રજૂઆત કરવા ની ફરજ પડી છે. તે અનુસંધાને જૂનાગઢ મહાનગરનો વિકાસ રૂંધાય ન જાય તેવી જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવું જાગૃત નાગરીકોએ વડાપ્રધાનને લખેલા પત્રમાં જણાવેલ છે.

# શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા શ્રાવણ સુદ પૂનમ બળેવની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢમાં છેલ્લા ઘણા વર્ષોથી શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મસમાજ દ્વારા બળેવનો કાર્યક્રમ યોજવામાં આવે છે, આ કાર્યક્રમ માં જ્ઞાતિ ગંગાનું સ્નેહ મિલન, તેજસ્વી તારલાઓનું સન્માન, વડિલ વંદના સાથે સમુહ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવે છે. તા.૧૯-૮-૨૪ના રોજ શ્રાવણી પર્વ ની ઉજવણી શ્રી રસિકભાઈ ગોરધનભાઈ દવેના અધ્યક્ષ સ્થાને જૂનાગઢમાં જ્ઞાતિની સંસ્કાર કેન્દ્ર વાડી ખાતે યોજાયેલ ત્યારે બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. મંચસ્થ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટયથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ રસિકભાઈ દવેનું પુષ્પ ગુચ્છ તથા સાલથી તથા અન્યોનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ તકે અમરદીપભાઈ દવેએ હાસ્ય રસ પીરસી સૌને હસાવી દીધા હતા. જ્ઞાતિની બહેન પ્રિતી મૌલિકભાઈ જોષીએ તાજેતરમાં પીએચ.ડી. ડિગ્રી પ્રાપ્ત કરતા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. બાળ કવિ, કવિયત્રીઓ સર્વ શ્રી નિલ જયદીપભાઈ, વિર જગતભાઈ, હિર્વા આનંદ મહેતા, બ્રિન્દ્રા સુધીરભાઈ મહેતા, પ્રગતિ અશ્વિનભાઈ દવે અને ઓમ જીતેશભાઈ મહેતા એ પોતાની રમુજી શૈલીમાં કૃતિ રજુ કરી સૌને હસાવી દીધા હતાં.કવિ સંમેલનનું સંચાલન જીતેશભાઈ મહેતા એ કર્યું હતું, આ બાળકો ને સંસ્થા એ ઈનામરૂપી કવર આપી પ્રોત્સાહિત કરેલ.

કુ. જોલી ઉમંગભાઈ શ્રોત્રીય એ સાવ નાની ઉંમરે સુદર ડાન્સ રજૂ કરતાં સૌએ તાળીઓના ગડગડાટથી વધાવેલ, આ બાળાને સંસ્થા એ ઈનામરૂપી કવર આપી પ્રોત્સાહિત કરેલ.

ત્યારબાદ જ્ઞાતિના ધોરણ એકથી માસ્ટર ડિગ્રી સુધીના તેજસ્વી તારલાઓનું તેમને ઉપયોગી વસ્તુઓ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મંચ ઉપર જ્ઞાતિના રસિકભાઈ દવે, પ્રાણભાઈ દવે, જયંતિભાઈ ઉપાધ્યાય, ઉછરંગભાઈ મહેતા, નરેશભાઈ ઓઝા, અતુલભાઈ મહેતા, નરેન્દ્રભાઈ દવે અને પ્રફુલભાઈ મહેતાએ ઉપસ્થિત રહી તેઓએ જ્ઞાતિની વાડીની અને ટ્રસ્ટીઓની સેવાઓને બિરદાવી હતી તથા સમાજ સ્વસ્થ અને નિરોગી રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રફુલભાઈ મહેતાએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી, જ્ઞાતિની વાડીની તથા ચુંટણીની સૌને જાણકારી આપી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન હિ.મો.મહેતા એ કર્યું હતું અને આભાર વીધી શ્રી જીતેન્દ્રભાઈ મહેતા કરી હતી. આ પ્રસંગે સમગ્ર ટ્રસ્ટી મંડળ એ ભારે જહેમત ઉઠાવી હતી અને છેલ્લે હર હર મહાદેવ ના નાદ સાથે સૌએ સમુહ ભોજન કરી આનંદ, ઉલ્લાસ સાથે સૌ છુટા પડ્યા હતાં.

## બાજ ખેડાવાળ બ્રાહ્મણ મંડળ દ્વારા બળેવનાં તહેવારની ધામધૂમ પૂર્વક ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

બાજ ખેડાવાળ બ્રાહ્મણ મંડળ દ્વારા બળેવનાં તહેવારની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવેલ હતી. તા.૧૯ને સોમવારનાં રોજ બળેવ/શ્રાવણી પર્વની જૂનાગઢનાં બાજ ખેડાવાળ બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા ખુબ જ હર્ષોલ્લાસ સાથે ભકિતમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવેલ હતી. આ પ્રસંગે શહેરનાં બાજ પરીવારોએ પોતાનાં પરિવાર સાથે હાજરી આપી જ્ઞાતિનાં વડિલો દ્વારા ૪૫ જેટલા તેજસ્વી તારલાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ તેમજ આ પ્રસંગે યોગદાન આપનાર જ્ઞાતિબંધુનું સાલ ઓઢાડી સન્માન કરેલ અને બ્રાહ્મણોનાં પ્રિય તેવા ચુરમાનાં લાડુ વિગેરેના ભાવતા ભોજન સર્વે જ્ઞાતિજનોએ લીધેલ. આ કાર્યક્રમનું સંચાલન જ્ઞાતિનાં પ્રમુખ મનોજ દવે સહિતની તેમની ટીમે કરેલ હતું.

## ચાપરડા નજીક સ્કુટી પરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા યુવતીનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

વિસાવદરના ચાપરડા જતા રસ્તા પર આંબાજળના પુલ પાસે સ્કુટી લઈને જઈ રહેલ યુવતી ખરાબ રસ્તાના કારણે સ્કુટી પરનો કાબુ ગુમાવી દેતા પડી જતા ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું વિસાવદર પોલીસમાં નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે કિશોરભાઈ મોહનભાઈ ભુતે જાહેર કરેલ કે પોતાની મૃતક પુત્ર ક્રિષ્નાબેન(ઉ.વ.૨૪)વાળી સ્કુટી પેપ નં.જીજે-૦૧-ઈએલ-૩૩૬૧ લઈને પોતાના ઘરેથી મોટી મોણપરી ગામ જતા હોય દરમ્યાન ચાપરડા ગામ નજીક આવેલ આંબાજળ પુલ પાસે ખરાબ રસ્તાના કારણે સ્કુટ પેપ પરથી કાબુ ગુમાવી દેતા નીચે પડી જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢમાં હાટકેશ યુવક મંડળ દ્વારા જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરાશે

### હાટકેશ્વર મહાદેવ મંદિર પાસે ભવ્ય ફલોટના નિર્માણની તડામાર તૈયારી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢમાં જન્માષ્ટમી મહોત્સવ અંતર્ગત શહેર ફલોટ સુશોભનમાં અવ્વલ નંબર પ્રાપ્ત કરતા હાટકેશ યુવક મંડળ દ્વારા હાટકેશ્વર મંદિર પાસે દર વર્ષે અવનવા વિષય અને અનોખી થીમ ઉપર ફલોટનું નિર્માણ કરવામાં આવે છે. આ વર્ષે પણ કૃષ્ણ જીવન ચરિત્ર અને હિંદુ ધર્મ સંસ્કૃતિને ઉજાગર કરતાં વિશાળ ફલોટનું નિર્માણ કરાશે. જન્માષ્ટમીની ઉજવણી નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ હાટકેશ યુવક મંડળ દ્વારા ગંધ્રપવાડા વિસ્તારમાં આવેલ હાટકેશ્વર મંદિર પાસે વિશાળ પટાંગણમાં ભગવાન શ્રીકૃષ્ણ જીવન ચરિત્રને તાદશ્ય કરતા ફલોટ તૈયાર કરવા તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. આ વર્ષે પણ અધ્યતન સુશોભન શણગાર સાથે અનેરો ફલોટનું નિર્માણ કરાશે. જેને આગામી રવિવારે સાતમના દિવસે ખુલ્લો મુકાશે. સાતમ અને આઠમ બે દિવસ સુધી શહેરીજનો ભવ્ય ફલોટ નિહાળી શકશે. હાટકેશ યુવક મંડળની ટીમ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# સાળંગપુર હનુમાનજીને ભક્તોએ રાખડી અર્પણ કરી

બોટાદ, તા.૨૦

સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે આજે પવિત્ર શ્રાવણ માસ અને રક્ષાબંધન નિમિત્તે હનુમાનજી દાદાને ભક્તોએ મોકલેલ રાખડીના વાઘાનો શણગાર અને સિહાસને નાળિયેરી ના પાનનો દિવ્ય શણગાર કરાયો હતો. તેમજ સંતોએ હરિભક્તો ને રાખડી બાંધીને રક્ષાબંધન પર્વ ની ઉજવણી કરી હતી. ત્યારે સવારથી મોટી સંખ્યામાં ભક્તોએ દાદાને રાખડી અર્પણ કરી ને દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સુપ્રસિદ્ધ સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે પવિત્ર રક્ષાબંધન પર્વ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. આજે પવિત્ર શ્રાવણ માસ અને નાળિયેરી પૂનમ અને રક્ષાબંધન ના તહેવાર નિમિત્તે સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી દાદાને ભક્તોએ મોકલેલ રાખડીના વાઘાનો શણગાર કરાયો છે તેમજ ભક્તોએ મોકલેલ પત્રો દાદાના ચરણે મુકવામાં આવ્યા હતા. તેમજ નાળિયેરી પૂનમ નિમિતે હનુમાનજી દાદાના સિંહાસન ને નાળિયેરીના પાનનો શણગાર કરવામાં આવ્યો હતો. સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરના શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીએ જણાવ્યુંકે, સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે વહેલી સવારથી ભક્તો હનુમાનજી દાદાને રાખડીઓ ધરાવી તેમજ દાદાના ચરણે પત્રો મુકિને હનુમાનજી દાદાના દિવ્ય શણગાર ના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. સાળગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે સંતો દ્વારા મંદિરે આવેલા હરિભક્તો ને રાખડી બાંધી રૂડા આશીર્વાદઆપી ને પવિત્ર રક્ષાબંધન પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

# જૂનાગઢ પોલીસની જુગારીઓ પર ઘોસ : ૩ જુગાર કલબ સહિત જાહેરમાં જુગાર રમતા ૩૭ ઝડપાયા : ૯ જુગારી નાસી ગયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ સહિત જીલ્લામાં શ્રાવણી જુગારની મૌસમ પુર બહારમાં ખીલી હોય તેમ ઠેર ઠેર જુગારધામ ધમધમી ઉઠયા છે. ગઈકાલે જૂનાગઢ પોલીસે માણાવદરમાંથી બે જુગાર કલબ જયારે વંથલીના ખોખરડા ગામેથી ૧ જુગાર કલબની સાથે જૂનાગઢ અને કેશોદમાંથી જાહેરમાં જુગાર રમતા ૩૭ જેટલા જુગારીઓને જુગાર રમતા ઝડપી લઈ વિવિધ પોલીસ મથકોએ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસે દાતાર રોડ પર આવેલ વાણંદ સોસાયટીમાં જાહેરમાં રોન પોલીસ નામનો જુગાર રમતા ઉત્સવગીરી બળદેવગીરી ગૌસ્વામી, હીતેષભાઈ ભીખાભાઈ ચુડાસા, નેમીષ અમીતભાઈ ચુડાસમા, મીલન ઉર્ફે કાનો ધર્મેન્દ્રભાઈ વાજા, ધૃવ નરેન્દ્રભાઈ ચુડાસમા, જય કમલેશ રાજપુત, ધર્મેશ સંજય જોષીને રૂા.૨૨,૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. કેશોદ પોલીસે મઢડા ગામે વાડી વિસ્તારમાંથી હાથબતીના અંજવાળે જુગાર રમતા ખીમભાઈ નારણભાઈ નંદાણીયા, હરેશભાઈ લખમણભાઈ પીઠીયા, રામભાઈ ગોવીંદભાઈ બંધીયા, રણજીતભાઈ પાતુભાઈ મોડ, રણજીત કાનાભાઈ દાસા, રાકેશ અરજણભાઈ છુછર અને હાર્દીક ઉર્ફે હરેશ પ્રતાપ મોડને રૂા.૩૨૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે તેમજ કેશોદ પોલીસે શેરગઢ ગામે જમન મોહન વીરાણી, રાજેશ ભુવાન રૂપાવટીયા, અરૂણ દેવા બાબરીયા, નીલેશ ગોપાલ હીરપરા, રમેશ અરજણ હિન્સુ, વશરામ નાથા વીરાડ, જાદવ મેઘજી ભલાણી, અમૃત હંસારાજ હિન્સુ, ભરત ભીખુ ચનીયારા, જેંતી હીરા હિન્સુને ગાય બાંધવાના ઢાળીયામાં જુના રમતા રૂા.૫૫૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે રજન નાથા કોળી પોલીસને જોઈ નાસી છુટતા પોલીસે તમામ આરોપીઓ વીરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વંથલી પોલીસે બાતમીના આધારે ખોખરડા ગામે રહેતા કમલેશ ચીનાભાઈ જાદવના ઢાળીયામાં રેડ કરતા બહારથી માણસો બોલાવી જુગાર રમી રમાડતા કમલેશ જાદવ સહિત રાજુ વાજસુર છૈયા, ભુપત રામ ડાંગર, હીરા વાજસુર જાદવ, મનોજ હીરા બોરીચા, ગીરીશ કારા મહેતાને ૧૯૭૦૦ રોકડ સહિત ૪ મોબાઈલ મળી કુલ ૩૫૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે ગફાર તૈયબ સીડા, રાજેશ ગોપાલ વાઘેલા, હિતેષ કવા ગોહેલ, રાજેશ ઉર્ફે કાબો અરવીંદ પરમાર નાસી છુટતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારા ૪, ૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ વંથલી પીએસઆઈ રાણાએ હાથ ધરી છે. તેમજ માણાવદર પોલીસે વેળવા ગામે રહેતા સુખાભાઈ નાથા ડાંગરના મકાને દરોડો પાડતા મકાન માલીક સુખા નાથા ડાંગર બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગાર રમાડતા મહેશ લખમણ વીરડા અને અશોક લખમણ ડાંગરને ૬૫૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે મકાન માલીક સુખા નાથા ડાંગર, વિનોદ ઉર્ફે કારો પરસોતમ વિરોજા, દિનેશ બાવનજી ગરાળા નાસી જતા પોલીસે તમામ આરોપીઓએ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તેવી જ રીતે માણાવદર પોલીસે નાકરા ગામની વીડી નામેથી ઓળખાતી સીમમાં રસીકભાઈ નાથાભાઈ શીંગાળાના ખેતરમાં આવેલ ગોડાઉનમાં ચાલતા જુગાર અખાડા પર દરોડો પાડી વિવેક મનસુખ પાનસેરીયા, જયેશ જસમણ રાંક, ભીખા કરમશી ઠુમ્મર, વલ્લભ મનજી ધડુક, કાર્તિક રમણીક ધડુક, રમણીક ગોવીંદ શીંગાળાને રૂા.૩૨૫૯૦ રોકડ, નાલના રૂા.૨૨૫૦, ૭ મોબાઈલ સહિત ૩ મોટર સાયકલ મળી કુલ ૧,૩૪,૮૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ માણાવદર પોલીસ મથકે જુગારધારા ૪ ૫ મુજબ કાર્યવાહી કરી છે.

# જૂનાગઢની શાપુર-સરાડીયા ટ્રેનને પુન શરૂ કરી વાંસ જાળીયા સાથે જોડવાની માંગ કરતી લડત સમિતીને દિલ્હી બોલાવીશ : કેન્દ્ર મંત્રી મનસુખભાઈ માંડવીયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

લાંબા સમયથી રજુઆત બાદ ગત માર્ચ વોઈસ ઓફ સોરઠના નેજા નીચે બીનરાજકીય લોક લડતના મંડાણ કરવામાં આવ્યા હતા. લોકસભાની ચુંટણી જાહેર થઈ જવાના કારણે કોઈ કાર્યવાહી નિયમોને આધીન વચન આપી શકાય પરંતુ વર્ષોથી ચાલતી લડત સાચી હોય જેથી સાંસદ રમેશભાઈ ધડુકને પ્રતિનીધી તરીકે મોકલી મૌખીક ખાત્રી આપ્યા બાદ લડતને પ્રથમ વિજય થયો હતો. ગત તા.૧૮-૮-૨૦૨૪ના રોજ ઝુલેલાલ હોલ શ્રી ગુરૂ નાનક દેવ મંદિર ખાતે સર્વ રોગ નિદાન કેમ્પમાં મુખ્ય મહેમાન તરીકે ઉપરસ્થીત રહેલા પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય કેબીનેટ મંત્રી ડો.મનસુખભાઈ માંડવીયાને ઉપલેટા ખાતે રૂબરૂ મળવા ગયેલ વોઈસ ઓફ સોરઠના કન્વીનર રાકેશ લખલાણી, બાંટવા નગરપાલીકા પ્રમુખ અને રાજકુમા વાધવાણી, પુર્વ પ્રમુખ અને રબારી સામાજના અગ્રણી ગણપત મોરીને કેન્દ્રીય મંત્રીએ કબુલ્યું હતું કે આ ટ્રેન જરૂરી છે લડત-માંગ સાચી છે. આપના પ્રતિનીધી મંડળને ટુંક સમયમાં દિલ્હી બોલાવવામાં આવશે. મારા કાર્યાલય ઓફીસમાંથી આપને ફોન આવશે. ઉપરાંત બાંટવા સહીતના એરીયમાં ઉદ્યોગની માંગ વર્ષોથી કરવામાં આવી રહી છે તે વાત પણ જરૂરી હોય આમ વિસ્તારના વિવિધ પ્રશ્નો માટે ટુંક સમયમાં મારી દિલ્હી ઓફીસમાંથી ફોન આવશે ત્યારે આપ દિલ્હી રેલ્વે મંત્રીને આપણે સાથે મળી પ્રશ્ન હલ કરવાની ખાત્રી આપી હતી.

# વિસાવદરના કાલસારી ગામે રૂા. ૩.૧૭ લાખની ઘરફોડ ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

વિસાવદરના કાલસારી ગામે અમીપરા પ્લોટ વિસ્તારમાં રહેતા પરિવારના મકાનને તસ્કરોએ નિશાન બનાવતા સોનાના દાગીના સહિત રોકડ મળી કુલ ૩.૧૭ લાખની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે રતીભાઈ દેવજીભાઈ અમીપરાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, તા.૧૮-૮ના સાંજના ૭-૩૦થી તા.૧૯-૮ના સવારના ૮ દરમ્યાન કોઈ અજાણ્યા ચોર શખ્સો ફરિયાદીના રહેણાક મકાનની દિવાલ કુદી અંદર પ્રવેશ કરી રૂમનુ તાળુ તોડી રૂમની અંદર રાખેલ કબાટ તથા પટારાનુ તેમજ સુટકેશના તાળા તોડી તેમા રાખેલ સોનાના દાગીના સાડા છ તોલા કી.રૂા.૨,૬૦,૦૦૦, રૂદ્રાક્ષનો પારો વરખ ચડાવેલ પાંચ ગ્રામ કી.રૂ.૧૦,૦૦૦, રોકડા રૂા.૪૭,૦૦૦ મળી કુલ રૂા.૩,૧૭,૦૦૦ની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ વિસાવદરના પીઆઈ ગઢવીએ હાથ ધરી છે.

### ભંડુરી ગામે વીજશોક લાગતા પરપ્રાંતિય શ્રમિકનું મોત

માળીયા હાટીના પોલીસ મથકે મુળ મધ્યપ્રદેશના અને હાલ ભંડુરી ગામે રહેતા ગુડીબેન રાકેશભાઈ બારેલાએ જાહેર કરેલ કે પોતાના મૃતક પતિ રાકેશભાઈ ખેતર ફરતે લાઈટની સીરીઝના તાર ઉપર ૬૬ કેવીનો ઈલેવનનો ચાલુ વીજ પ્રવાહનો તાર પડતા સીરીઝમાં ઈલેકટ્રીક પાવર લાગી જતા લાઈટની સીરીઝના તારને ઓળંગવા જતા અકસ્માતે વીજ શોક લાગતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

મો.૯૮૨૫૫ ૪૩૮૫૧ મો.૯૮૨૪૯ ૯૫૨૮૬
જાવેદભાઈ (જુનાગઢ)
ગુજરાત રોડલાઈન્સ
જૂનાગઢ-સાબલપુરથી કંડોરણા - કાલાવડ - જામનગર - સિહોર - ભાવનગર ડેઈલી સર્વિસ
: હેડ ઓફિસ :
C/o. ફલાય ફાસ્ટ
ગાંધી ચોક, જૂનાગઢ મો.૯૮૨૪૯ ૯૫૨૮૬
: બુકિંગ ઓફિસ :
C/o. ફલાય ફાસ્ટ
સાબલપુર. મો.૭૦૧૬૪ ૧૮૧૯૦
: બ્રાંચ ઓફિસ :
ગ્રેન માર્કેટ પાસે, વાળીયાનાં વંડા પાસે, વિશાલ ઘી ની બાજુમાં, જામનગર. મો.૮૯૮૦૫૪૦૩૧૧ (સલીમભાઈ જામનગર)

સુપરફાસ્ટ રોડલાઈન્સ
ઈલ્યાસભાઈ : મો.૯૮૨૪૯ ૯૫૨૮૬
જૂનાગઢ સાબલપુરથી બાબરા, લાઠી, ઢસા, સિહોર, ભાવનગર ડેઈલી સર્વિસ
:: હેડ ઓફિસ :: C/o. ફલાય ફાસ્ટ ગાંધી ચોક, જૂનાગઢ મો.૯૮૨૪૯ ૯૫૨૮૬
બુકિંગ ઓફિસ : C/o. ફલાય ફાસ્ટ સાબલપુર. મો.૭૦૧૬૪ ૧૮૧૯૦
બ્રાંચ ઓફિસ : C/o. ઘોઘાબોરી ટ્રાન્સપોર્ટ સર્વિસ ભાવનગર - મો.૯૪૨૮૨ ૨૧૯૮૦
ડિલેવરી ઓફિસ
:: બાબરા :: રૂપેશ રોડવેઝ
મો.૯૪૨૬૯ ૫૨૭૦૦ / ૭૫૬૭૧ ૦૭૫૦૦
:: સિહોર ::
એન.જે.એમ. લોજીસ્ટીક / મો.૯૦૩૩૭ ૪૩૫૦૬
:: ભાવનગર ::
ઘોઘાબોરી ટ્રાન્સપોર્ટ સર્વિસ
જૈન ભોજનશાળાની સામેના ખાંચામાં, અજય ગેસ્ટ હાઉસની બાજુમાં, સુતારવાડ, ભાવનગર મો.૯૪૨૮૨ ૨૧૯૮૦